


રાઠવા સમાજના ગીતો

મનહરભાઈ રાઠવા




ભૂમિકા

તેજગઢમાં સ્થપાયેલ આદિવાસી અકાદમી શિક્ષણ ક્ષેત્ર અને સમાજનો સર્વાંગી વિકાસ સાધતો એક નવો પ્રયોગ છે. આ પ્રયોગનો હેતુ એ છે કે આદિવાસી વિસ્તારમાંજ રહેતા અને તેઓની ભાષા જાણે છે એવા યુવાનોને પ્રશિક્ષણ આપી એમને સમાજાભિમુખ બનાવવા. અન્યથા આવા યુવાનો શહેરમાં બેરોજગારીની સ્થિતિમાં ભટકતા રહી જાય છે. પ્રયોગની શરૂઆત કરી ત્યારે કલ્પના પણ ન હતી કે જે ભૂમિ ખોદવાનું કામ શરૂ કર્યું ત્યાં તો હીરાની ખાણ છે. યુવાનો ભેગા થયા, આદિજાતિ અભ્યાસનો ડિપ્લોમા કોર્સ શરૂ થયો અને ધીમે ધીમે એવું ધ્યાનમાં આવ્યું કે વિદ્યાર્થીઓમાંથી દરેક જણ સમાજ પ્રત્યે અને વિકાસ પ્રત્યે સભાનતા પૂર્વક પોતાના મત બનાવી રહ્યા છે. તેમજ તેમના વિચારોની પરિપક્વતા પણ ખૂબ જ સ્પૃહણીય છે. એમની બુદ્ધિને વધારે ગતિ આપવા માટે જરૂરિયાત માત્ર વધુ માહિતીનીજ છે. શરૂઆતમાં ગ્રંથો દ્વારા અને વ્યાખ્યાનોના માધ્યમથી આ વધારાની માહિતી આપવાનું કાર્ય આયોજ્યું. પણ એ બધા ગ્રંથો અને વ્યાખ્યાનો વિદ્યાર્થીઓના રોજીંદા જીવન સાથે મેળ ખાતા અટકે છે એવું પણ જોવા મળ્યું. તેથી, અકાદમીના અભ્યાસક્રમને વધારે જીવનલક્ષી કરવા માટે વિદ્યાર્થીઓને શોધનિબંધ તૈયાર કરવાનું સૂચન કરવામાં આવ્યું. આશ્ચર્યની વાત એ હતી કે તેઓએ એ સૂચન તરજ સ્વીકારી લીધું. મેં જાણીજોઈને વિદ્યાર્થીઓને શોધનિબંધનો કોઈ તૈયાર ઢાંચો આપવા માટે ના પાડી. મારે જોવું હતું કે જે વિદ્યાર્થીએ બીજા કોઈના શોધનિબંધ વાંચ્યા નથી એ શોધનિબંધનું કયું સ્વરૂપ કલ્પે છે. ડિપ્લોમા અભ્યાસક્રમ માટે પરીક્ષાનું આયોજન ન હતું. આ શોધનિબંધ જ માત્ર પરીક્ષા હતી. મારી અપેક્ષા એવી હતી કે કોઈ જ વિદ્યાર્થી શોધનિબંધ તૈયાર નહિ કરશે; કરે તો તેઓએ જોયેલા કોઈ ગ્રંથની નકલ કરેલી હશે. પણ જ્યારે વિદ્યાર્થીઓએ તેમની હસ્તપ્રતો મારી પાસે લાવવાનું શરૂ કર્યું ત્યારે મને એક સુખદ આશ્ચર્ય થયું કે દરેક હસ્તપ્રતમાં કોઈક ને કોઈક મૌલિક વિચાર છે. કેટલાક સુધારા વધારા કરાવ્યા. અમદાવાદ વડોદરાના એક બે અભ્યાસકોને એ બધી લેખન સામગ્રી વાંચવામાટે આપી. તેમના પણ સારા પ્રતિભાવો આવ્યા.

આદિવાસીએ પોતે જ પોતાની સંસ્કૃતિ અને સમાજનો અભ્યાસ કરી તેના વિશે લખેલ સામગ્રી આપણી પાસે તો નથી જ. એન્થ્રોપોલોજીની દષ્ટિએ આવી સામગ્રીનું ખૂબ જ મહત્ત્વ છે. પણ તેથી પણ વધારે મહત્ત્વની વાત એ છે કે આદિવાસી વિકાસ વિશેના વિચાર ખુદ આદિવાસી જ વ્યક્ત કરે. તેજગઢ અકાદમીના ડિપ્લોમાના વિદ્યાર્થીઓએ આ બંન્ને સિદ્ધી પ્રતીત થાય એવી કામગીરી તેઓના શોધનિબંધદ્વારા કરેલી છે. આ અદ્‌ભુત કામગીરી ધ્યાનમાં લઇ અમે આદિવાસી અકાદમી તરફથી સમાજ પરિવર્તન માટે તત્પર રહેલા ભાષા પ્રકાશનને વિનંતિ કરી કે વિદ્યાર્થીઓના શોધનિબંધમાંથી જે ભાષા પ્રકાશનને પસંદ આવે તે મર્યાદિત આવૃત્તિમાં પ્રગટ કરવામાં આવે. ભાષા પ્રકાશને આ વિનંતિ સ્વીકારી અને આદિવાસી અભિવ્યક્તિને સન્માનનું સ્થાન આપ્યું તે આનંદની વાત છે. આ પ્રસ્તુત માલિકામાં હવે પછી સમયે સમયે આદિવાસી અકાદમીમાં તૈયાર થતા શોધનિબંધ પ્રકાશિત કરવામાં આવશે. 'પ્રકાશન' સંજ્ઞાનો મૂળ અર્થ પ્રકાશમાં લાવવું એ છે, તે જ પ્રમાણે પ્રકાશ ફેલાવવો એ અર્થ પણ અભિપ્રેત છે જ. ખરેખર આ બીજા અર્થમાં આદિવાસી અકાદમીની શોધનિબંધ માલિકા વાંચકો સામે મૂકી રહ્યા છીએ.

ડૉ. ગણેશ દેવી

પ્રસ્તાવના

આદિકાળથી વ્યક્તિ યા માનવ એકબીજી રીતે પોતાની ઓળખ માટે અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કરતો જ રહ્યો છે. અને હાલમાં પણ કોઇ પણ વ્યક્તિ પોતાની આગવી પ્રતિભાવી કલા કે કારીગરીને વેગ આપે છે. અને એ દ્વારા વ્યક્તિ અને કુટુંબ તથા કુટુંબ અને સમાજ વચ્ચેના આંતર બાહ્ય સંબંધોનો ખ્યાલ બતાવે છે. સરે સેતો શું જાણે દુનિયા સાથેના સંબંધોનો નાતો એકદમ નજીકનો બની ગયો છે. વ્યક્તિ કે માનવ પોતાના સારા નરસા પ્રસંગોનો પણ અભિવ્યક્તિ દ્વારા રજૂ કરે છે. સેટલ જ નહિ પરંતુ કુંટુબ કે સમાજમાં કે એકબીજા સાથેના સંબંધોની રહેણી કરણી તહેવારો, ઉત્સવો, ધાર્મિક પ્રસંગો, લગ્નપ્રસંગો, ખેતીવાડી અને પ્રકૃતિ સાથેનો લગાવ તથા અનેક સેવા પ્રસંગોનો આ દ્વારા ખ્યાલ આવે છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી હોય એના અનેક એવા સદગુણો અને દુર્ગુણોનો અહેસાસ પણ એક જીવન સાથે સંકળાયેલ બાબતોનો ખ્યાલ આપે છે.

ગુજરાતી સાહિત્યમાં જ નહી પરંતુ સાહિત્યના ઘણા બધા પ્રકારોનો વિકાસ ડગલે ને પગલે થતો જ રહ્યો છે. દરેક યુગમાં સાહિત્યના અનેક એવા પ્રકારોનો વિકાસ ઝડપી કરવામાં ખૂબજ મોટી સંખ્યામાં કવિઓ, લેખકો તથા અન્ય વિવેચકોને પાળો મહત્વનો ગણાવી શકાય છે. ગુજરાતી સાહિત્યમાં ડગલેને પગલે નવા નવા સુધારા વધારાની સાથે પરિવર્તન થયેલો જોવા મળે છે સાહિત્ય એ માનવના જીવન અને સમાજજીવન સાથે સંકળાયેલો વિષય છે. તેથી જ આપણા સમાજ જીવનને સમજવા માટે સાહિત્યની જરૂર ઉભી થાય છે. અને આમ તત્કાલીન સમાજનો અભ્યાસ કરવો હોય તો સાહિત્ય સમજવું પણ આવશ્યક છે. અને એ દ્વારા વ્યક્તિ અને સમાજ વચ્ચેનો સંબંધોને અભિવ્યક્તિ કરી સાહિત્યમાં એને સ્થાન આપવું પણ આવશ્યક છે.

આમ ગુજરાતી સાહિત્યના અનેક એવા પ્રકારોની સાથે લોકસાહિત્યનો વિકાસ પણ ખૂબ જ થયેલો જોઇ શકાય છે. અને આ લોકસાહિત્યના પ્રકારનો વિકાસ કરવામાં મુખ્યત્વે સૌરાષ્ટ્ર વિસ્તારના શ્રી ઝવેરચંદ મેઘાણીનો ફાળો નોંધફાત્ર ગણાવી શકાય છે. 'લોકસાહિત્ય' એટલે લોક નિર્મિત સાહિત્ય લોકોના મુખે અને એમના કંઠે સચવાય

રહેલું સાહિત્ય. લોકસાહિત્યમાં ઘણા-બધા પ્રકારોનો વિકાસ થયેલો જોવા મળે છે. જેમ કે લોકગીત, લોકકથા, લોકનાટય, આખ્યાન, લોકનાટય ભવાઇ વગેરે પ્રકાર રહેલા છે. લોકસાહિત્યમાં તત્કાલીન સમાજજીવન કે પ્રજાજીવનનું દર્શન કરાવે છે. અને આ સાહિત્ય પ્રકાર ઘણા એવા સમાજના ઉચ્ચ વ્યક્તિઓના જીવન સાથે સંકળાયેલું જોઇ શકાય છે. લોકસાહિત્ય એ એવું છે કે જેનો સાહિત્યક્ષેત્રે લોકસમાજજીવનના પરિવર્તનની સાથે સાહિત્યના ક્ષેત્રે પણ અમુક અંશે ફેરફારો થયેલા જોઇ શકાય છે.

ગુજરાતી સાહિત્યમાં કેટલાક લેખકોએ લોકસાહિત્યની વ્યાખ્યા આ પ્રમાણે બતાવેલી છે કે જે નીચે પ્રમાણે જોઇ શકાય છે.

''શ્રી ઉમાશંકર જોશીએ લોકસાહિત્યની વ્યાખ્યા આપતાં કહે છે કે લોકસાહિત્ય એટલે લોકપ્રભે રમતુ, લોકકંઠ જીવતું સાહિત્ય''

કે.કા. શાસ્ત્રી કહે છે કે લોકસાહિત્ય એટલે એવું સાહિત્ય જે આપણા સુધી મુખપરંપરાસે ઉતરી આવેલું છે. અને જે લોકો જીભ ઉપર જ રહેલું છે. જે જૂનુ પણ હોય અને જેનો ઉગમ પણ નવો હોય. આ સાહિત્ય કોઇ એક ચોક્કસ કર્તા કે કર્તાઓની કૃતિ તરીકે જાણવામાં આવ્યું હોય.

મેઘાણી ઉચિત રીતે જ લોકસાહિત્યને સંઘોર્મિ લોકોર્મિનું સાહિત્ય સંઘ ચેતનાનું ધરતીનું ધાવણ કહે છે.

લોકસાહિત્યમાં અનેક એવા જુદા જુદા પ્રકારોમાં લોકગીત પ્રકારમાં પણ ખૂબ જ વિકાસ થયેલો જોઇ શકાય છે અને આ લોકગીત લોકસાહિત્ય પ્રકાર જુદા જુદા વિસ્તારોમાં અલગ અલગ રીતે વિકસીત થયેલો છે, જેમ કે ગુજરાતમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રની રસધાર, ચારણસાહિત્ય, રંગ છે બારોટ, વગેરે અનેક એવા પુસ્તકોના નામે આ સૌરાષ્ટ્ર વિસ્તાર કે કાઠિયાવાડ દેશની ગાથાઓને લોકકથા લોકવાર્તાઓને અને ગીતોને પ્રગટ કર્યા છે. ગુજરાત રાજ્યના પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારના રાઠપ્રદેશમાં લોકગીતો જુદા જુદા પ્રસંગોએ અને તહેવારોમાં ગવાતા ગીતોનું મહત્વ ખૂબ જ છે. જેમ કે આદિવાસી મૂળ તો આદિકાળથી રહેતા લોકો હોવાથી આદિવાસીનો નાતો પ્રકૃતિ અને જમીન જાગીર સાથેનો હોય તેથી તેઓ પ્રકૃતિ પુજક, ખેડૂત, ધરતીપુત્રો તથા સ્વાવલંબી અને સ્વનિર્ભર હોય છે. અને એના કારણે તેઓ પ્રકૃત વગડો અને ખેતીની સાથે ધરતીની પુજનવિધિમાં ખૂબજ આસ્થા ધરાવતો હય છે. તેથી આ પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારમાં લોકોના જીવનની સાથે સાથે તહેવારો અને તેની સાથે જોડાયેલી વિધીઓ અને પ્રસંગો આ આદિવાસીના જીવન સાથે પણ સંકળાયેલ હોય છે. તેથી તેઓ ધાર્મિક પ્રસંગોએ ગવાતા ગીતો, ખેતીવાડીમાં વાવણી અને લલણી વાવતેના પણઅમુક ગીતો ગવાતા હોય છે એટલું જ નહી તહેવારો,

ઉત્સવો, ઋતુગીતો, લગ્નગીતો, મૃત્યુ વખતે બારમા તેરમાની વિધી વખતે ભજનો ચાલખા પણ ગવાતા હોય છે. આમ અનેક એવા લોકગીતો આદિવાસી વિસ્તારોમાં ગવાતા હોય છે. આ લોકગીતો એક લોકસાહિત્યમાં એક પ્રકાર તરીકે રહીને સાહિત્યના પ્રકારને ખૂબજ વેગવંતો બતાવવામાં ખૂબ મોટો ફાળો નોંધાવ્યો છે. એમ કહીએ તો પણ કોઇ વાંધો નથી અને તેથીજ લોકસાહિત્યપ્રકારમાં લોકગીતોનું સ્થાન મહત્વનું રહેલું છે.

આભાર

પ્રસ્તુત પ્રોજેક્ટ રિપોર્ટ આદિવાસી પ્રશિક્ષણ અકાદમી તેજગઢ અંતર્ગત પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન ટ્રાયબલ સ્ટ્ડીઝના ફાઇનલ વર્ષના અંતે પદવી પ્રમાણપત્ર મેળવવાના ઉપક્રમે પ્રેરણા અને બળ આપનાર ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્રના નિયામકશ્રી તથા આદિવાસી પ્રશિક્ષણ અકાદમીના સ્થાપક એવાશ્રી ડૉ. ગણેશ દેવી જે અમારા શોધ-નિબંધના માર્ગદર્શક બની અમને પ્રાથમિક માહિતીથી માંડી છેક અંત સુધી જરૂરી વિગતો પુરી પાડવામાં સહભાગી બનનાર તેઓશ્રીનું તથા અકાદમીમાં અવારનવાર પધારી જ્ઞાન આપનાર શિક્ષકમિત્રોનો હું હૃદયથી અંતઃકરણપુર્વક આભાર માનું છું. જે હું એમનો આભારી છું.

એટલું જ નહી પરંતુ સંસ્થાની અનેક એવી વિકાસ અંગેની પ્રવૃત્તીઓમાં કામ કરી રહેલ સ્ટાફમિત્રો તથા સંસ્થામાં વારંવાર આવીને આદિવાસી લોકસાહિત્યનું રસપાન કરાવનાર શ્રી ડૉ. ભગવાનદાસ પટેલ, શ્રી શંકરભાઈ સોમાભાઈ તડવી, શ્રી કાનજીભાઈ પટેલ, રેવાબહેન તડવી તથા ડાહ્યાભાઈ વાઢુ આ સૌનો પણ આભાર માનું છું.

અનુક્રમણિકા

ગુજરાતી સાહિત્યમાં અનેક એવા જુદા જુદા પ્રકારોનો ખૂબ જ વિકાસ થયેલો છે. એમાં લોકસાહિત્યક્ષેત્રે પણ સારો એવા વિકાસ થયેલો જોઇ શકાય છે. અને સાહિત્યકારો લોકસાહિત્યના અલગ-અલગ પ્રકારોને વિકસાવવામાં મહત્વનો ફાળો આપેલા છે. અને દરેક ક્ષેત્રે અવલોકન દ્વારા સંશોધનની દષ્ટિએ મુલવવાના પ્રયત્નો રહ્યા છે. આમ વિષયને અનુરૂપ વિચારવાનો અભિગમ રાખ્યો છે જે લોકગીતને અર્થપૂર્ણ રીતે વ્યાખ્યામાં જોડવાના અલગ-અલગ વિચારો અભિવ્યકત કર્યા છે. જે નીચે પ્રમાણે જોઇ શકાય છે.

લોકગીત એટલે કોઇ એક જ્ઞાતિ, જાતિના સમાજના દરેક વ્યક્તિ યા તો લોકો સમાજજીવનના પ્રસંગો કે તહેવારો વખતે સૌ ટોળે મળી એક સાથે રાગ-તાલબધ્ધ ગાઈ સાથે રમવું તથા એનો રસાસ્વાદ સૌ માને તે જ લોકગીત.

લોકગીત એટલે કોઇ પણ એક જ્ઞાતિ કે સમાજના લોકો ટોળે ભેગા મળીને સમાજજીવનમાં તથા ઋતુઓ પ્રમાણે ઉજવાતા તહેવારો તથા પ્રસંગોએ એક સાથે મળીને ગીત ગાવા તથા સાથે સાથે તાલબદ્ધ રીતે રમવાની ક્રિયા કરવામાં આવે છે. અને આ લોકગીતોનો ઉપભોકતા સમાજના દરેક વ્યક્તિ હોય છે. એટલે એનો આનંદ સમાજના દરેક લોકો લઇ શકતા હોય છે. અને આવા ગીતો સમાજજીવનમાં જુદી-જુદી ઋતુઓમાં અલગ-અલગ રીતે ઉજવવામાં આવે છે અને જુદા-જુદા પ્રસંગોએ એનો આનંદ ઉલ્લાસથી માનવામાં આવે છે અને આવા ગીતો સમાજમાં લોકોના ગળે પરંપરાગત રીતે કંઠોપખંઠ સચવાયેલા અન્ય સંગ્રહાયેલા હોય છે.

આદિવાસી સમાજમાં લોકસાહિત્યને ઘણી રીતે તહેવારો તથા પ્રસંગોએ તાજા કરીને સાચવી રાખવામાં આવેલા છે. અને આમ આદિવાસી સમાજમાં લોકસાહિત્યને અત્યારેપણ સતત ધબકતું રાખવામાં આવેલું છે અને આદિવાસી સમાજજીવનમાં જેમ કે ચોમાસાની ઋતુમાં ઉજણી-દિવાસા વખતે ગવાતા ખેતી વિષયક ગીતો, હોળીના તહેવારમાં ગવાતા ગીતો, વાવણી-લલણીના ગીતો, લગ્નપ્રસંગોએ ગવાતા ગીતો, મૃત્યુવખતે ગવાતા ભજનો, છોકરા-છોકરીની બાધા કે માન્તાવખતે કુંવારીયોના ગીતો વગેરે આમ અલગ-અલગ પ્રસંગોએ ગાઇને લોકગીત સાહિત્ય પ્રકારને જીવંત રાખવાના પરંપરાગત પ્રયાસો અત્યારે પણ ચાલુ છે જેથી કરીને લોકસાહિત્યને લોકોના મુખે કંઠોપકંઠ રીતે સચવાઇને રમતું રહ્યું છે. અને આમ લોકસાહિત્ય પ્રકારમાં લોકગીતના

પ્રકારનો વિકાસ ખૂબ જ સારા પ્રમાણમાં થયેલો જોઇ શકાય છે.

જેમ કે આદિવાસી સમાજજીવનમાં જુદા-જુદા તહેવારોના પ્રસંગે ગવાતા ગીતો છે. એમાં ઉજણી-દિવાસામાં ગવાતા ગીતો નમૂનારૂપે નીચે મુજબ જોઇ શકાય છે.

''ડાંગેર પાતળી સોટી લાંબો વેલો કે ડાંગેર પાતળી રે લોલ,
સોરી તું એવળલી રૂપારી કમરમાં પાતરી રે લોલ,
સોરા તું એવળલો રૂપારો કમરમાં પાતરો રે લોલ.''

વગેરે જેવા ગીતો ઉજણી-દિવાસાના તહેવારોમાં ગીતો ગવાતા હોય છે અને સાથે રમાતા હોય છે અને આમ આ ગીતમાં એક ભીલ કન્યા અને એક ભીલ યુવાનને ડાંગરના પાતળા છોડની સાથે સરખાવવામાં આવ્યાં છે.

લોકગીતનો સાહિત્ય પ્રકાર

સાહિત્યના મુખ્યત્વે બે વિભાગો કે પ્રકારો પાડવામાં આવેલા છે. એ પછી ગુજરાતી સાહિત્ય હોય કે અંગ્રેજી સાહિત્ભય હોય પરંતુ સાહિત્ય મુખ્યત્વે બે પ્રકારોમાં વિભાજીત થયેલું છે જેમાં ગુજરાતી સાહિત્યમાં ગદ્ય સાહિત્ય અને પદ્ય સાહિત્ય એમ બે પ્રકારોમાં વિભાજન કરવામાં આવ્યું છે. અને આ દરેક વિભાગમાં સાહિત્યના જુદા જુદા પાસાંઓને આવરી લેવામાં આવ્યા છે.

ગુજરાતી સાહિત્યમાં પ્રાચીન કે પહેલાંના સમયમાં ખાસ કરીને પદ્યપ્રધાન સાહિત્યની રચનાઓ થતી હતી. અને આ પદ્યપ્રધાન સાહિત્યનો વિકાસ ખૂબ જ થયેલો હતો અને આ પદ્યના સાહિત્યપ્રકારમાં મુખ્યત્વે કવિતા, ગઝલ, ઉર્મિકાવ્ય, લોકગીતો વગેરે જેવાં નાના પ્રકારોનો પણ વિકાસ થયેલો જોવા મળે છે. અને આમ આ પદ્ય ગુજરાતી સાહિત્ય પ્રકાર નો વિકાસ પહેલેથી જ થયેલો જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યનો ગદ્ય સાહિત્ય પ્રકાર નો પણ હાલમાં વિકાસ થયેલો છે. અને આ ગદ્ય સાહિત્ય પ્રકારમાં ઘણા-બધા જુદા-જુદા નાના-નાના વિભાગોનો સમાવેશ થયેલો છે. જેમ કે ગદ્ય સાહિત્યમાં રોજનીશી, આત્મકથા, નિબંધ, નવલકથા, વાર્તાઓ વગેરે જેવા જુદા-જુદા પ્રકારોનો વિકાસ કરવામાં સાહિત્યકારો તથા કવિઓનો ફાળો નોંધપાત્ર ગણાવી શકાય છે. ગદ્ય સાહિત્યના આ પ્રકારોમાં અન્ય વિષયોને પણ સાથે આવલી લેવામાં આવ્યા છે.

આમ આ લોકગીત સાહિત્ય પ્રકાર એ લોકસાહિત્યનો જ એક પેટાપ્રકાર ગણવામાં આવ્યો છે. અને આ લોકગીત એ સાહિત્યની દૃષ્ટિએ જોઇએ તો પદ્યના સાહિત્ય પ્રકાર સાથે જોડાયેલો અંગ છે, જે પદ્યસાહિત્યને વિકસાવવા માં ખૂબજ મહત્વનો ફાળો ગણાવી શકાય છે તેથી આ લોકગીત એ એક પદ્યસાહિત્ય પ્રકાર છે.

લોકગીતોનું સ્થાન / મહત્વ

ગુજરાતી સાહિત્યમાં લોકસાહિત્ય પ્રકારમાં અનેક એવા પેટા વિભાગોમાં લોકગીતોનું સ્થાન ખૂબજ મહત્વનું રહેલું છે, કારણ કે લોકસાહિત્યના આ પ્રકાર કે જે લોકગીત જેનું મૌખિક સાહિત્ય અત્યાર સુધી લોકોના ગળામાં કંઠોપકંઠ રીતે રમતું અને સચવાઇને રહેલું છે તેથી કોઇપણ સમાજના લોકોનું કોઇને કોઇ સાહિત્ય રહેલું છે.

આદિવાસી સમાજ એ એક એવો સમાજ છે જે પોતાના જીવન અને સંસ્કૃતિ સાથે સંકળાયેલો છે. અને પોતાની કોઇ આગવી સંસ્કૃતિ કે સાંસ્કૃતિ વારસાનું જતન કરતો રહ્યો છે. આ સંસ્કૃતિ વારસો એટલે કે સંસ્કૃતિ, રીતરીવાજ, લોકરીતી, રૂઢિઓ, માન્યતાઓ તથા રહેણી-કરણી, પરંપરા અને સમાજ જીવન જે લોકોના જીવન સાથે એકબીજા સાથે સંકળાયેલા છે તેથી આદિવાસી સમાજમાં કોઇ પણ સામાજિક પ્રસંગોમાં, ખેતી વિષયક પ્રસંગે વગેરે પ્રસંગોમાં પોતાના આ મૌખિક સાહિત્યનો સહારો લેતા હોય છે અને તે પણ ઋતુઓ પ્રમાણે પોતાના સાહિત્યને પ્રકટ કરતા હોય છે. આદિવાસી સમાજના લોકો એક પ્રકૃતિ પૂજક હોવાથી તેનું મહત્વ ઘણું છે એટલું જ નહી આદિવાસી લોકોના જીવનમાં વણાયેલી બાબતો હોવાથી આદિવાસી લોકગીતો કે લોકસાહિત્યનું મહત્વ જેટલું આંકીએ તેટલું ઓછુંજ ગણી શકાય છે. અને આમ એ દ્વારા લોકો સૌ ટોળે મળીને ભેગા મળીને આનંદ ઉલ્લાસ દ્વારા એનો પોતાના તહેવારો કે પ્રસંગોનો આનંદ લુંટતા હોય છે.

આમ આદિવાસી સમાજજીવનમાં લોકો જીવન અને એમના દરેક દરેક અંગમાં એક લોકસાહિત્ય ખજાના તરીકે નું સ્થાન રહેલું છે. એટલું જ નહી પરંતુ આદિવાસી સમાજની સંસ્કૃતિ સીંચનનું એક ખજાનારૂપ મહત્વ સ્થાન આપી શકાય છે અને તેથી જ આદિવાસી સમાજમાં લોકગીતનું સ્થાન અને મહત્વ અગત્યનું રહેલું છે અને આદિવાસી સમાજજીવનનું આબેહુબ ચિત્ર ખડું કરીને આદિવાસીઓની એક અસ્મિતારૂપે લોકોના જીવન સાથે સંકળાયેલું છે.

ઉજાણી દિવાસાના ગીતો

સુંદરી ચાયલી છેલ્લી બજારે કે મણ મુંળાં વેચવા રે લોલ..(૩)
વેચી કરીને પાછાં વચરાં કે ઝટ છેડા ઝાલીયો રે લોલ..(૨)
છોડ છોડ કાનુડા મારો છેડો કે ઘેર બાપો ઝૂમસે રે લોલ
તારા બાપાને ઘોડીલે બેસાડી દઉ, નહી છોડું છેડલો રે લોલ
છોડ-છોડ કાનુડા મારો છેડો કે ઘેર માડી ઝૂમસે રે લોલ
તારી માડીને ચુડીલો પેરાવી દમ કે, નહી છોડુ છેડલો રે લોલ..
છોડ-છોડ કાનુડા મારો છેડો કે ઘેર ભાયો ઝૂમસે રે લોલ
તારા ભાયાને ઘોડીલાં લઇ આલુ કે ઝબ છેડો છોડીયો રે લોલ
સુંદરી ચાયલી છેલ્લી બજારે રે મણ મુંડા વેચવા રે લોલ

ઉપરના ગીતમાં એક આદિવાસી કન્યા અને એક યુવાન ની વાત કરવામાં આવી છે. આ ગીતમાં ખૂબજ સરસ એવો વાર્તાલાપ થયેલો જોઇ શકાય છે. એમાં એક આદિવાસી કન્યાને સુંદરીની ઉપમા અને યુવાનને કૃષ્ણકાનુડાની ઉપમા આપીને સંબોધવામાં આવ્યા છે અને એક આદિવાસી કન્યા એક મણ મૂંડા લઇને વેચવા માટે બજારમાં જાય છે. અને જ્યારે તે વેચી કરીને ઘરે પાછી ફરે છે. ત્યારે રસ્તામાં કોઇ એક યુવાન એની સુંદરતા જોઇને મોહિત થઇ જાય છે. અને એવી ભરી બજારમાં જ આ આદિવાસી કન્યાની ઓઢણીનો છેડો પકડી લે છે અને છેડો છોડતો નથી ત્યારે તે આદિવાસી કન્યાએ વિનવણી આજીજી કરતાં કહે છે કે હે કાનુડા મારો ઓઢણીનો છેડો છોડી દે કારણ કે મારે ઘેર જવાનું મોડું થશે તો મારા બાપુજી મને પુછશે અને ગુસ્સે થઇને ગાળો બોલશે. તેમ કહેવા છતાં એ યુવાન છોડતો નથી. અને કહે છે કે તારા બાપા ને ઘોડા ઉપર બેસાડીશ એમ કરીને મનાવી લઇશ. પરંતુ હું તારો છેડો નહી છોડું. એટલું જ નહી પરંતુ તારો બાપ કહે તો ચાંદીના ભાંરીયા પણ લાવીને પહેરાવું. પણ તારો છેડો નહી છોડું. એમ આજીજી કરવા છતાં ન છોડતા કહે છે કે મારો ભાઈ તથા મારી મા પણ ગુસ્સો કરશે અને ગાળો આપશે તો હું શું જવાબ આપીશ ત્યારે યુવાન ફરી પાછો કહે છે કે તારી મા ગુસ્સે થશે તો એ હું નવી ચુડીલો એટલે કે હાથે-નાકે-કાને વગેરે એ બંગડીઓ વગેરે પહેરાવીશ. અને તારા ભાઈને ઘોડા ઉપર બેસવાનો વધારે શોખ છે તો એને હું ઘોડો ખરીદી આપીશ. પરંતુ તેમ છતાં એ યુવાન માનતો નથી. અને એ કન્યાને હેરાન કરે છે. આમ આ ગીતમાં એક આદિવાસી યુવાન કન્યા અને યુવાનની પ્રેમસંબંધી વાર્તાલાપ થયેલોબતાવવામાં આવેલા છે.

ઊંડો કુવો જન સાંકડો રે સીધુંરીયો સેવાર
મન મારા વાલા...(૪)
મારા ખાવાના કોદરા રે ટોપલીયે મન જાય મન મારા વાલા,
મારે ખાવાના કોદરા રે ટોપલીયે મન જાય, મન
મન મારા વાલા,
મારે રેવાની ઝૂપડી રે હવેલીયે મન જાય
મન મારા વાલા,(૨)
મારે સુવાની સાદડી રે ગોદડીયે મન જાય,
મન મારા વાલા(૨)
મારે સુવાની ખાટલી રે પલંગે મન જાય,
મન મારા વાલા(૨)
મારે ખાવાનું ડોરીયું રે ઘીયેલીયે મન જાય,
મન મારા વાલા
ઊંડો કુવો જન જન સાંકળો રે સીધુંરીયો સેવાર,...

આ ગીતમાં એક અમીર અને ગરીબ કુટુંબ કે વ્યક્તિઓની વાત કરવામાં આંવી છે. અને એમાં અમીર અને ગરીબ માણસની સરખામણી કરવામાં આવી છે. આમાં એક ગરીબ પોતાની ઇચ્છાશક્તિઓને પ્રગટ કરી મનમાં ને મનમાં મોટી-મોટી આશાઓ આકાંક્ષાઓ વ્યક્ત કરે છે અને કુવો પહોળાઈ પ્રમાણમાં સાંકળો છે પરંતુ ઘણો ઊંડો છે અને એમા રહેલો સેવાળ લીલો હોવાને બદલે તેને સીધુંરીયા રંગનો છે એવો ભાસ કે કલ્પના એના મનમાં થાય છે.

બીજું કે જ્યારે મારે માટે ખાવામાં કોદરાનો રોટલો ખાતો હોય ત્યારે મકાઈના રોટલાની ગંધ આવે ત્યારે મારું મન ટોપલી એટલે કે રોટલો મુકવા માટે બનાવેલું સાધન. તેની ઉપર મારું મન જાય અને એ ખાવાની ઇચ્છા થાય અને રહેવા માટે મારે ઝૂંપડી હોય ત્યારે મનમાં થાય કે મારે પણ સરસ મકાન કે હવેલી હોય અને એ ઝૂપડીમાં રહેવું એને પસંદ પડતું નથી. એટલું જ નહી મારે સુવા માટે એક ખાટલી અને ઉપર પાથરવા માટે સાદડીનો ઉપયોગ કરું એને કારણે એ મનમાં ને મનમાં મુંઝાયા કરે છે અને એ સરસ પલંગ એના ઉપર બીસાવવા માટે ગોદડી કે રજાઇ હોય એવું એ મનમાં વિચારે છે. અને બીજું કે મારે ખાવામાં ડોરીયું વાપરું છું. એટલે એ ડોરીયાની કિમત સમજતો નથી. અને એ કહે છે કે બીજાઓની જેમ મને પણ સરસ ઘી ખાવાનું મળે એવી એક પ્રબળ ઇચ્છાઓ મનમાં પેદા થાય છે. આમ આ ગીતમાં

એકબીજાનું સુખ-સગવડ ભર્યું જીવન જોઇને પોતાના જીવનને કિમત વિહીન બનાવીને મોટી-મોટી આશાઓથી એ મનમાં ને મનમાં મુંઝાઇને પિડાયા કરે છે.

જગ દિવેલીયું સળગાવો રે નાનું સરોવરીયું,
હેલું પોપટડુ શું બોલે છે નાનું સરોવરીયું,
તારા બાપને ઘેર આયવા ચોર રે નાનું સરોવરીયું,
તારાં ગામના ગરાસિયા ચોર રે નાનું સરોવરીયું,
જગ દિવેલીયું સળગાવો રે નાનું સરોવરીયું,
તારી ગવરીને લઇ ગયા ચોર રે નાનું સરોવરીયું,
તારી ગવરીને લઇ ગયા ચોર રે નાનું સરોવરીયુ,
જગ દિવેલીયું સળગાવો રે નાનું સરોવરીયું.

આ ગીતમાં એવું કહેવામાં આવ્યું છે કે ગામમાં જગ જાહેર એવો કોઇ દિવો સળગાવો કે આખા ગામને પ્રકાશ પુરો પાડે અને એમાં દિવેલ પુરાવો જેથી કરીને એ સળગવાનું ચાલું રહે અને આખી રાત ગામ ના લોકો શાંતિથી ઉંઘ લે. ત્યારે કોઇ પાળેલું પોપટ નામનું પક્ષી કંઇક કહેવા માગે છે અને કહે છે કે તામારા આવ્યાં છે ચોર જે તારા ગામનાજ અને ગરાસિયા છે. તેથી કરીને આ દિવો સળગાવો કે જે સ્વયં પ્રકાશ માન રહે. અને આ ચોર લોકો ગામની ગાયોને ચોરી કરી લઇ જાય છે. એતો શું ગામમાં કેટલુંય એવું છે જેને પણ એ ચોરી કરી લઇ જશે. તેથી હે ગામ લોકો ચેતો અને આ જગ જાહેર એવો દિવેલથી ભરેલો દિવો સળગાવવા વિનંતી કરે છે.

શેરી મે મરઘો બોલીયો રે એતો રાજાના ચોર છે,
જો-જો રાણી તારાં કુલીયાં રે પેલો,
રાજાનો ચોર છે..(૨)
જો-જો રાંણી તારા કળુલાં રે પેલો,
રાજાનો ચોર છે(૨)
શેરી મે મરઘો બોલીયો રે એ તો રાજાનો ચોર છે.
જો-જો રાંણી તારી મોરલી રે પેલો,
રાજાનો ચોર છે(૨)
જો-જો રાંણી તારી હાંસડી રે પેલો, રાજાનો ચોર છે
શેરી મે મરઘો બીલયો રે એતો રાજાના ચોર છે.

જ્યારે રાણી ગરબો રમવા આવેલી હોય છે. તે રાજાને જાણ નથી. તેથી રાણીને કહે છે કે તમે ચેતીને રહેજો કારણ કે રાતનો છેલ્લો પહોર થવા આવ્યો છે. અને એ શેરીમાં મળસ્કે મરઘો પણ બોલી ગયો છે અને એ રાજાનો ચોર અને સિપાઇ પણ છે એટલે તમારાં કલીયાં, કબુલાં મોરલી અને આ હાંસડી વગેરે ઘરેણાં સાચવીને રાખજો જેથી કરીને કોઇ એ તમારા ઘરેણાંની ચોરી ન થઇ જાય.

ગઢ-ગુંદ્દરેથી ગાયો ઉતરીયો અંબોડે ચ્યાં,
ભીયડો રે વાલા...(૪)
ભાયાને ઘેરે બેસવા ગયલાં ભાભીએ,
મેનાં માયરાં રે વાલા..(૨)
કાકાને ઘેરે બેસવા ગયલા કાકી એ મેના,
માયરાં રે વાલા(૨)
ગઢ-ગુંદ્દરેથી ગાયો ઉતરીયો અંબોડો ચ્યાં, ભીયડો રે વાલા.

શબ્દાર્થ : ગુંદરે-ગૌચર, (પાદર), ભાયા-ભાઇ, મેનાં-મહેણાં, માયરાં-મારવાં (બોલવું), ભીયડો-ખોસવું.

ખાંડીયો કૂવો સે ગાંમમે વાવડી..(૨)
ચાલતી પણીયારીને કલીયાં પેરાવી દમ(૨)
ચાલતી પણીયારીને કળુલાં પેરાવી દમ,
ચાલતી પણીયારીને હાંસડીયો પેરાવી દમ,
ખાંડીયો કુવો સે ગાંમ મે વાવડી,
નાતરે જવાનું મન થાય છે જતી રમ, જતી રમ થાય સે
પેણેલો ભાયડો મને જરી ગમતો નથી,
નાતરાનો ભાયડો મને ભાજી વેની સાલે,
પેણેલી બાયડી મને જરી ગમતી નથી રે,
નાતરાનો ભાયડો મને દરી-ભેડી આલે,
એકવાર મન થાય છે જતી રમ જતી રમ થાય છે.

શબ્દાર્થ : ખાંડીયો-ખાંડો, પણિયારી-પણીહારી, કલીયાં-પગના કલાં, પેરાવી-પહેરાવવું, હાંસડીયો-ગળામાં પહેરવાનું ઘરેણું, ગોમ-ગામ, નાતરે-બીજું ઘર કરવું તે, પેણેલો-પરણેલો, ભાયડો-પુરૂષ કે આદમી,

બાયડી–બૈરી

અમે ગરબાના રમનારાં કે ગરબો રમતાં રે લોલ..(૨)
અમે નાંનેથી રમનારાં કે ગરબો રમતાં રે લોલ(૨)
અમે પાવાનાં પાતરીયાં કે ગરબો રમતાં રે લોલ(૨)
અમે બાપુનાં લાડવેતાં કે ગરબો રમતાં રે લોલ..
અમે માતાનાં લાડવેતાં કે ગરબો રમતાં રે લોલ
અમે ગરબાનાં રમનારાં કે ગરબો રમતાં રે લોલ
અમે પાવાનાં પાતરીયાં કે ગરબો રમતાં રે લોલ
અમે વીરાંનાં લાડવેતાં કે ગરબો રમતાં રે લોલ,
અમે બેનોનાં લાડવેતાં કે ગરબો રમતાં રે લોલ,
અમે ગરબાના રમનારાં કે ગરબો રમતાં રે લોલ.

આ ગીતમાં એક આદિવાસી કન્યા કહે છે કે અમે લોકો બધા ગરબા રમવાનાં ઘણા શોખીન છે. કારણ કે નાનપણથી જ આ ગરબા અમારા જીવન સાથે સંકળાયેલા છે અને તે પાવાગઢની સુંદરીઓ જેવા રમનારાં. બીજું કે અમારા કુટુંબ–પરિવારમાં અમારા બા–બાપુજી નાં ખુબ જ પ્યારાં, વહાલાં અને અમને લાડકોડેથી રાખતા અને ગરબામાં રમતાં, અને તે પાવાના રમનારાંઓની સાથે સરખાવે છે અને કહે છે કે અમે અમારા ભાઇઓ અને અમારી બહેનોની લાગણીઓ અને એમના વહાલાં એવા ગરબો રમનારાં આમ કન્યા પોતાની અભિવ્યક્તિ એક ગરબામાંવ્યક્ત કરે છે.

વરતી પીપેરી તારાં વરતેલાં છાંયો કે તાં ઘડી
ઉભા રીજો રે લોલ(૨)
કલીયાં મૂલવતાં વાર ઘણી લાગી કે તાં ઘડી,
ઉભો રીજો રે લોલ(૨)
વરતી પીપેરી તારાં વરતેલાં છાંયો
મોરલી મૂલવતાં વાર ઘણી લાગી કે તાંવડી,
ઉભા રીજો રે લોલ(૨)
વરતી પીપરી તારાં વરતેલાં છાંયો કે તાં ઘડી ઉભા રીજો રે લોલ
કળુલાં મુલવતાં વાર ઘણી લાગી કે તાં ઘડી,
ઉભા રીજો રે લોલ (૨)
વરતી પીપેરી તારાં વરતેલાં છાંયો
હાંસડી મુલવતાં વાર ઘણી લાગી કે તાં ઘઢી ઉભા રીજો રે લોલ.

આ ગરબામાં એક પ્રેમી યુગલો પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં બતાવ્યો છે. અને જેમ પાનખર ઋતુમાં ઝાડનાં પાન ખરી પડે અને પછી નવા ફૂટેલાં પાનનો છાંયો એકદમ ઠંડક આપે છે તેમ એ પ્રેમી યુગલો એક દિવસ બધુ ખરીદવા માટે બજારમાં જાય છે. ત્યારે રસ્તામાં એક પીપેરનું ઝાડ આવે છે. ત્યાં વિસામો લઇને પછી આગળ વધજો. એવું કહે છે અને કહે છે કે જ્યારે બજારમાંથી હાથમાં પહેરવાનાં કળુલાં અને પગમાં પહેરવા માટે કલીયાં મુલવતાં ઘણી વાર લાગે એટલે કે સમય વધારે થાય એટલું જ નહી પરંતુ નાકમાં પહેરવાની મોરલી કે કાનમાં પહેરવાની અથવા તો ગળામા પહેરવા માટે હાંસળી ખરીદતાં સમય જાય તો રસ્તામાં વચ્ચે આવતી પિપેરીના ઝાડના છાંયડા નીચે બેસીને થોડો આરામ લેવા માટે તેઓ કહે છે. આ ગરબામાં કોઇ આદિવાસી કન્યાના શરીરના આભૂષણો ખરીદવા જતી વેળાએ રસ્તાની વચ્ચે વિસામો લેવાની લાગણી વ્યક્ત કરે છે.

જતાં ને વરતાં હિડોળો નાયખો ખોરે રમે
નોનાં બાળ વાલા (૨)
હિડોળે હિચે વેરાઈ માતા કે ખોરે રમે નાંનાં બાળ
વાલા..(૨)
જતાંને વરતાં હિડોળો નાયખો..
હિડોળે હિચે ફેણાઇ માતા કે ખોરે રમે,
નાનાં બાળ વાલા..(૨)
જતાં ને વરતાં હિડોળો નાયખો..
હિડોળે હિચે કાળકા માતા કે ખોરે રમે,
નાંનાં બાળ વાલા..
જતાં ને વરતાં હિડોળો નાયખો.

આ ગીતમાં ધાર્મિક વિધિઓ વખતે લેવાતા જુદા-જુદા દેવો અને દેવીઓને આહવાહન આપવામાં આવે છે અને પુજન વિધીમા એમની યાદ તાજી કરવામાં આવે છે અને આદિવાસી ખેડૂતો ખેતી વાડીના વાવણી-લલણીના પ્રસંગોમાં દેવીઓને પુજે છે.

અને કહે છે કે જેમ નાના બાળકોને હિંડોળે (હિંસકો નાખીને એ બાળકને હાલરડાં ગાવામાં આવે છે. તેમ આ ગરબામાં પણ કહે છે કે હિંડોળે હિચે વેરાઇ માતા જાણે નાના બાળની જેમ એટલુંજ નહી ફેણાઇ માતા, પાવાગઢની કાળકા માતા વગેરે દેવીઓ એક

જાણે નાના બાળકને વહાલથી હિંચકે હિંડોળે નાખીને સુવડાવવાની ક્રિયા થાય છે. એવી જ રીતે અહીયા દેવીઓને હાલરડાં ગાઈને એમ પ્રસન્ન અર્પણ કરવામાં આવી છે. અને માતાઓને હાલરડાં ગાઈને ખૂબ જ આનંદ વિભોર બની જાય છે.

કારીયું સેતર સેયડું રે માવાસીનું ભીલડાં..(૩)
સેડી સેડીને રસ વાયળું રે માવાસીનું ભીલડાં..(૨)
કારીયું સેતર સેયવું રે...
સેલીયો હાંરા જોયડાં રે માવાસીનું ભીલડાં,
ઓયરો જુવાર, ઉગ્યો બાજરો રે માવાસીનું ભીલડાં,
બાજરો હરીયે પયડો રે માવાસીનું ભીલડાં,
બાજરો કરોવડે આયવો રે માવાસીનું ભીલડાં,
બાજરો નીગલી પયડો રે માવાસીનું ભીલડાં,
બાજરો બુરે આયવો રે માવીસીનું ભીલડાં,
સેલીયો ટોવા જેલો રે માવાસીનું ભીલડાં,
હિલુ-હિલુ કરી દોયડો રે માવાસીનું ભીલડાં,
ગોફણનો ગોરો ગુમાયવો રે માવાસીનું ભીલડાં,
બચારું હિલુ મારી પાયડું રે માવાસીનું ભીલડાં,
હિલાંના સાત (હાત) ભાગ પાયડા રે માવાસીનું ભીલડાં,
એક ભાગ સોરાંને ખોયરો રે માવાસીનું ભીલડુ,
એક ભાગ બઈેલ્યાંને ખોયરો રે માવાસીનું ભીલડું,
એક ભાગ સોરીયોને ખોયરે રે માવાસીનું ભીલડું,
કારીયું સેતર સેયડું રે માવાસીનું ભીલડા

આ ગીતમાં એક મેવાસ પ્રદેશનો એક આદિવાસી ભીલ કોઇ જગ્યાએ કે જે જમીન એકદમ નક્કર અને કાળી માટીથી ભરેલી હોય ત્યાં બળદ હળ લાકડું લઇને ખેડવા જાય છે. અને સખત પરિશ્રમથી એ ભીલ યુવાન એ જમીનને ખેડી-ખેડીને એક રસ બનાવે છે એટલે કે કંઇક વાવણીલાયક જમીન બનાવે છે અને આમ એક દિવસ બીજાઓના પણ હળ લાકડા વાવણી કરવા જવા માટે તૈયાર કરે છે. અને જુવાર ઓરી આવે છે. અને ઉગે છે ત્યારે બાજરો તેથી પેલો ભીલ ખૂબ આશ્ચર્યચકિત થઇ જાય છે. અને પછી એ બાજરો એકદમ સરસ ઊગી નીકળે છે અને થોજા જ દિવસોમાં કરોવડો એટલે કે રાંપડી મારવા લાયક પણ થઇ જાય છે. ત્યાર બાદ એના સમયે તે ડોળે-(ડૂંડા) કાઢવાની તૈયારીમાં આવી જાય છે. અને થોડા દિવસોમાં ડૂંડા કાઢી દે છે.

બાજરો બુરે આવી ગયો છે અને પછી દરરોજ એ ભીલ યુવાન સેલીયો પશુ-પક્ષી ખાઈ ન જાય તે માટે સાચવવા જાય છે. એ દોડી-દોડીને હિલુ-હિલું એવુ કહે છે. અને ગોફણ વડે પથ્થરો ફેકે છે. અને આમ એક દિવસ હુલે નામે એક પક્ષી મારી નાખે છે. અને સાત ભાગ પાડે છે. તેમાં એક ભાગ છોકરાઓને આપે છે. બીજો એક ભાગ છોકરીઓને અને બીજો એક ઘરે બેસીને ખાતા માણસોને આપે છે. આમ હિલાના ભાગ વહેંચી નાખે છે. અને આમ ભીલ ખેડૂતનું વર્ણન સરસ કરેલું છે.

ધીરી-ધીરી વણઝારી ધુમેળ લાયગી..(૨)
તને સાંનીલા રેડ લાયગી વણઝારી ધુમેળ લાયગી..(૨)
તને આંકલાં લઇ લટકારું વણઝારી ધુમેળ લાયગી.. (૨)
તને આંકલાંની જોડ લાયગી વણઝારી ધુમેળ લાયગી..
તને કળુલાંની જોડ લાયગી વણઝારી ધુમેળ લાયગી..
તને ઘડીયાળની જોડ લાયગી વણઝારી ધુમેળ લાયગી..
ધીરી-ધીરી વણઝારી ધુમેળ લાયગી..
તને સાંનીલી જોડ લાયગી વણઝારી ધુમેળ લાયગી,
તને હાંસળીની જોડ લાયગી વણઝારી ધુમેળ લાયગી,
તને ભાંરીયાંની જોડ લાયગી વણઝારી ધુમેળ લાયગી,
તને મોરલી લઇ લટકારું વણઝારી ધુમેળ
ધીરી-ધીરી વણઝારી ધુમેળ લાયગી

આમાં એક યુવાન વણઝારણ પોતાની યુવાનીના પગરવ માંડી રહી છે. અને એ પોતાના શરીરે પહેરવાના આભૂષણો કે અંલકારોની લેહ લાગેલી છે. તે જુદા-જુદા અંલકારો કે ઘરેણાં ખરીદી લેવા મોહીત થઇ જાય છે.
ત્યારે કોઇ યુવાન એને આવીને કહે છે કે હે વણઝારી તને શું શું લેવાની ઇચ્છા છે. અને શા માટે તું આટલી બધી અધીરી બની ગયેલી છે કે તારુ મન એમાં મોહિત થઇ ગઇ છે. અને યુવાન કહે છે કે તને શેની રેડ લાગી છે એટલે કે શેની-શેની ખોટ પડી અને તું આટલી ઉતાવડી-બેબાકડી બની ગઇ અને પછી પેલો યુવાન કહે છે કે તને હાથમાં પહેરવાનાં કળુલાની જોડ પગમાં પહેરવાનાં કલીયાંની જોડ એટલું જ નહી ઘડીયાળની જોડ લઇ આપું પણ આટલી ઉતાવળી ના બનીશ. બીજું કે ગળામાં પહેરવાની હાંસળીઓની જોડ, મોરલીની જોડો તથા ભાંરીયાની જોડો લઇને તને પહેરાવી દઉ અને જેથી કરીને તું આટલી અધીરી ન બન.

આમ આ ગીતમાં એક વણઝારણ કે જે પોતાના યૌવનના ઉંબરે ઊભી છે. અને

એને અંલકારો-આભૂષણો લઇને પહેરી લેવાની ઇચ્છા શક્તિઓ અભિવ્યક્ત કરે છે. અને એને મેળવીને રહેવાની આશા વ્યકત કરે છે.

પાવેથી ઉતરી સમ ઘુઘરી પાવો રસીયો ચાંપાનેર-(૨)
વાલો મારો કેસરીયો ઘોડો વનમાં તે લાયવો,
વાલો મારો લુગડાં લીધાં સાત નાહી-ઘોટી, બદલવાને સારુ,
(લુગડાં) પાવેથી ઉતરી સમ ઘુઘરી...
વાલો મારો આરસી લીધી સાથ મુખડાં જોવાને સારું,
વાલો મારો કાંસકા લીધા સાથ સેથીયો પાડવાને સારું,
પાવેથી ઉતરી સમ ઘુઘરી પાવો...
અંબાજીનાં વેવલાં પુદ્વાવો ચંપાનેર પાવો રસીયો ચાંપાનેર,
અંબાજીના તેલડાં ચડાવો ચંપાનેર પાવો રસીયો ચાંપાનેર,
અંબાજીનાં માંડવડાં રાંચાઓ ચંપાનેર પાવો રસીયો ચાંપાનેર,
અંબાજીની ચોરીયો ચિતરાવો ચંપાનેર પાવો રસીયો ચાંપાનેર,
અંબાજીની સોયતકો કરાવો ચંપાનેર પાવો રસીયો ચાંપાનેર,
અંબાજીની જાંનેડો મંગાવો ચંપાનેર પાવો રસીયો ચાંપાનેર

આ ગીતમાં પાવાગઢના કોઇ રાજકુમાર તથા અંબાજી માતાના લગ્નસંબંધો જોડવાની વાતને આ ગીતના માધ્યમ દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે.

અને આમાં ખૂબ જ સરસ એવું સંવાદના રૂપે અહી વાત કરવામાં આવી છે. એમાં કહેવામાં આવ્યું છે કે પાવાગઢથી ઘુઘરીના સમકારાનો શોખીન કોઇ યુવાન કે રાજકુંવર સરસ સુંદર વસ્ત્રોમાં સજ્જ ધજ થઇને ચાંપાનેર ની અંદર થઇને નીકળે છે. અને તે પણ સાથે ઘોડો લઇને વનમાં ફરવા નીકળ્યો છે, એટલું જ નહી તે પોતાની સાથે નાહી-ધોઈને બદલવા માટે નવા વસ્ત્રોની જોડો લીધી છે. બીજું સાથે પોતાનું મુખડું જોવા માટે અરીસો (આરસી) પણ લીધી છે. એની સાથે માથાના વાળ ઓળવા માટે કાંસકાની પણ જોડ લીધી છે. અને તે પોતે એવું વિચારે છે કે હવે હું ખરેખર પરણવાને લાયક થઇ ગયો છું. તેથી તે કહે છે કે અંબાજીનાં વેવલાં એટલે કે લગ્ન જોડવા, સંબંધ જોડવા માટે કોઇ પુછાવો કે તમારા લાયક કોઇ ચાંપાનેરના કુંવર છે આમ તે અંબાજીના લગ્નની તૈયારીઓ થાય છે અને તેલ (ગણેશ સ્થાપના) ચડાવો, માંડવડાં (મંડપ) પણ રોચાવો, પછી ગોરમાટી (સરસ માટી) લાવીને ચોરીઓ ચિતરાવો, સોયતકે કરાવો અને પછી અંબાજીની જાન મંગાવો અને આ પાવાગઢના રંગ રાજકુંવર એવા રસીયાને એમની સાથે લગ્ન કરાવો. અને આમ ચાંપાનેરના રસીયાનાં લગ્ન કરવાની બધી વિધીની વાત અહી કરવામાં આવી છે.

રાજાજી ઉતરીયાં વડુલાંની છાંયે કે તાં તંબુ તાંણીયોરે લોલ, (૨)
રાજાજી સોલસે રાણીયોની જોડી કે,
મઇ રમે નવી રાંણી રે લોલ,(૨)
રાજાજી નવસે રાંણીયો રમે કે કઇ રાંણી ગમે રે લોલ, (૨)
રાજાજી ડુંગરે ચઢી મેળો જોવે કે મઇ રમે નવી રાંણી રે લોલ,
રાજાજી બાંયધા ઘોડીલાં ઘેરાયવા કે,
મઇ ભૂલે પયડાં રે લોલ,
રાજાજી ઢાંકણુ ઊગેડી નીરો પીધો કે,
પછી નાતો પુછીયો રે લોલ,

રસદર્શન : આ ગીતમાં એક રાજા અને તે કોઇ પ્રવાસે નીકળ્યો હોય છે. અને એની મનપસંદ રાણીઓ બનાવી લેવાની એમણી વૃત્તિ સહી પ્રગટ થયેલી જોઇ શકાય છે. અને એનું વર્ણન આ ગીતમાં કરવામાં આવ્યું છે.
અને એટલેજ આ ગીતમાં સરસ એવી રાજાની રમુજી વાતો આલેખવામાં આવી છે. અને કહેવામાં આવ્યું છે કે જયારે કોઇ જગ્યાએ રાણીયોનો ગરબાનો મેળા જેવું આયોજન કરવામાં આવ્યું હોય છે ત્યારે રાજાને પણ એની ખબર પડે છે અને પછી ત્યાં જવા માટે રાજા તૈયાર થાય છે એના માટે સૈનિકોને તૈયાર કરે છે. રાજાજી ઘોડા હાથી તથા પુરા વસ્ત્રોથી સજ્જ ધજ થઇને જવા નીકળે છે. ત્યારે રસ્તામાં રાત પડે છે ત્યારે રસ્તામાં વડનું આવ્યું અને પછી એ વડલા નીચેજ રોકાય જાય છે અને તંબુ વગેરે રહેવા માટે બનાવી દે છે. અને રાજાજીને કહે છે કે સોલ સે રાણીયોની જોડો છે. ત્યારે એમાં કોઇ નવી એટલે કે નવો ચહેરો સુંદર રૂપાળો જુએ છે અને મોહિત બની જાય છે. રાજાજી ડુંગર ઉપર ચઢીને પણ એ મેળાનું દર્શન કરે છે અને પછી બાંધ્યા ઘોડા ને દોરો કરે છે અને ભૂલે પડી જાય છે. એટલું જ નહી વચ્ચે રસ્તામાં કોઇ પણ નામ-જાત વગર સામાન્ય માણસની ઢોચકીમાં રાખેલી તાડી (નીરો) ઉગાડી પીવે છે અને પછી નાત-જાત પૂછે છે આમ આ વર્ણન થયેલું છે.

સોરી પુસે કુંભારાના ઘોરાં બેડુલીયે રંગ લાયગો (૨)
સોરી સામે બજારો મે ઘોરા પુસે બેડુલીયે રંગ લાયગો,
સોરી કે તારી ઉઢેણીનાં મુલ બેડુલીયે રંગ લાયગો
સોરી સોનીયો ટકો સવા લાગે બેડુલીયે રંગ લાયગો,
સોરી પુસે કહારાના ઘોરા બેડુલીયે રંગ લાયગો,
સોરી કે તારા બેડુલીયાના મુલ બેડુલીયે મન લાયગુ.

શબ્દાર્થ : સોરી-છોકરી, પુસે-પુછવું, ઘોરાં-ઘર, મુલ-મુલ્ય

રસદર્શન : આ ગીતમાં કોઇ ગામડાની આદિવાસી કન્યા કોઇક બજારમાં જાય છે. તે વખતના પ્રસંગનુ આલેખન કરવામા આવ્યું છે. એમાં કહેવામાં આવ્યું છે જ્યારે એ કન્યા અભણ અને અજાણ હોવાથી બજારમાં આમતેમ સાંટા ફેરા કરે છે. અને પછી બજારમાં કોઇ વ્યક્તિને કુંભારના ઘરોની માહિતી પૂછે છે. અને કહે છે અહીંયા કુંભાર લોકોના રહેઠાણ કઇ બાજુએ આવેલા છે કારણ કે મારે ત્યાં માટીના માટલા તથા અન્ય વાસણો લેવાનાં છે. તેથી તમે મને કુંભાર લોકોના ઘર બતાવો એવું કહે છે. ત્યાર બાદ તે કુંભારના ઘરે જઇને માટીના જુદા-જુદા વાસણોની કિમતો કરીને મુલવે છે. એટલું જ નહી પરંતુ તેણે માટે માટલું ઉચકીને લાવતી વખતે માથા ઉપર મુકવાની ઉઠણીની તપાસ કરે છે. અને પછી એ ઉઠણીની કિમત (મુલ) કરે છે અને પછી એ પણ ખરીદ કરી લે છે અને પછી કહે છે કે આ સોનાનો ટકો એટલે કે પૈસા પહેલાંના વખતમાં ૧,૨,૩,૪ ટકા દ્વારા ગણતરી થતી હતી. એટલે કે એ કન્યા એવું વિચારે છે કે આ ટકા પૈસાની કેટલી કિમત છે કે જાણે સોનાના કિમત કરતાં પણ ડબલ હોય એવું લાગે છે. કારણ કે આટલું ખરીદવા છતાં હજુ પૈસા વધતા જણાય છે. તેથી તે આગળ જતાં તે કહારાની દુકાન એટલે કે વાસણવાળાની દુકાને પહોંચે છે અને એ કહે છે કે હે શેઠ આ તારા બેકાંની કિમત કેટલી છે બોલ અને તેણે બેઠુલાં ઉપર એનું મન લાગ્યું હોવાથી તેની કિમત કરે છે આમ બજારમાં એ હર્ષઘેલી બનેલી આ આદિવાસી કન્યાની વાત કરવામાં આવી છે.

દિયર ભાંજાય બે ગોળવાં જયલાં ચયડો,
મેદીનો રંગ મેદી રંગ લાયગો,
વાટી-કુટીને ભયરો વાટકોને ભાભી રંગો તમારા હાથ,
મેદી રંગ લાયગો,
હાથે-રંગીને હુ કેને બતાવું, મારો પૈયનો પડીયો પરદેશ
મેદી રંગ લાયગો,
સોનીયા ઠાકોરને એમે કેજોને એને આલજો ભૂરી ભેંસ,
મેદી રંગ લાયગો,
પૈયનો પયડો પરદેશને એને આપજો રેવા-પાટ,
મેદી રંગ લાયગો,
દિયર ભોજાય બે ગોળવા જયલા ચયડો,
મેદીનો રંગ મેદી રંગ લાયગો.

રસદર્શન : ઉપરોક્ત આ આદિવાસી લોકગીતમાં ખૂબ સરસ એવી દિયર અને ભાભી વચ્ચેના પવિત્ર સંબંધોની વાત કરવામાં આવી છે અને તેઓ ખેતરમાં કામે ગયેલા તે વખતનું વર્ણન કરેલું જોઇ શકાય છે.

જ્યારે ઘરમાં કુટુંબમા પોતાની પરણ્યો બહાર ગામ કોઇ મંજુરી કામ અર્થે જતો રહ્યો હોય છે. અને ત્યારે પોતે દિયર ભાંજાય બંને જણ ખેતરમાં ગોળવા માટે જાય છે. અને પછી આવતી વખતે ઘરે પાછા ફરતી વખતે મેદીના પાન તોળી લાવે છે. અને પછી એ પાનને વાટી-કુટીને એક વાટકામાં બોળી દે છે. અને પછી દિયર કહે છે કે હે ભાભી આ વાટકો મેદીનો ભર્યો છે. અને તમારા હાથ ઉપર મેદી મુકો અને રંગો એવું કહે છે ત્યારે ભાભી દિયરને કહે છે કે આ વાળકો તો મેંદીનો ભર્યો છે પણ એ મેદી શું કામની છે કે હાથ રંગીને હું કોણે બતાવીશ. કારણ કે મારો પરણ્યો તો પરદેશ ક્યાંક પડયા છે તેથી આ મેદી શી કામની, પરણ્યો હોય તો એને હું બતાવું. એમ ભાભી પોતાના દિયરને કહે છે અને પછી કહેવામાં આવ્યું છે કે સોનીયો ઠાકોર નામે એનો શેઠ હોય તેથી તે કહે છે કે એ શેઠને કહેજો કે એને સોપ ભૂરી ભેંસ અને ઘરમાં શોભે એવો રહેવા માટે પાટ પણ આપે એમ કહે છે.

આમ આ ગીતમાં દિયર અને ભાંજાય (ભાભી) વચ્ચેના પવિત્ર સંવાદોનું વર્ણન આ ગીતમાં કરવામાં આવ્યું છે અને એક બીજાની રમુજની વાત કરે છે.

ચીખી-મરચીનું ચીખું પાન બાપુ નઇ રે
જાઉ મારે સાસરે રે લોલ
બાપુ બોલે મીઠાં બોલ, સસરા બોલે કડવાં બોલ,
બાપુ નઇ રે જાઉ મારે સાસરે રે લોલ,
માતા બોલે મીઠાં બોલ, સાસુ બોલે કડવાં બોલ,
માતા નઇ રે જાઊ મારે સાસરે રે લોલ,
વિરા બોલે મીઠાં બોલ, દૈયર બોલે કડવાં બોલ,
વિરા નઇ રે જાઉ મારે સાસરે રે લોલ,
બેનો બોલે મીઠાં બોલ, નણંદો બોલે કડવાં લોલ,
બેનો નઇ રે જાઉ મારે સાસરે લોલ,
ચીખી મરચીનું ચીખું પાંવ બાપુ નઇ રે,
જાઉ મારે સાસરે રે લોલ.

શબ્દાર્થ : **ચીખી-તીખું, કડક, મચ્ચી-મરસીનો છોડપાંન, નઇ-નહી, ન થી, દૈયર -દિયર, નણદો-નણદ.**

રસદર્શન : ઉપયુક્ત આ આદિવાસી લોકગીતમાં દરેક ઋતુઓ આવતા અલગ અલગ પ્રસંગોને અનુરૂપ વર્ણન કરવામાં આવ્યું છે. આ ગીતો દ્વારા કલ્પનાઓ કરવામાં આવી છે. આ ગીતમાં જ્યારે આદિવાસી સમાજ ઉનાળાના દિવસોમાં યુવાન-યુવતીઓના લગ્ન વિવાહો થાય છે અને જ્યારે ઉનાળાના આવા લગ્નના પ્રસંગો ધામ-ધુમથી કરવામાં આવે છે. ત્યારે પછી તરત જ ચોમાસાની ઋતુ મોસમ શરૂ થઇ જાય છે અને ચોમાસાના એક મહિનામાં જ આદિવાસીઓના તહેવારોની શરૂઆત થાય છે. તેમાં ઉજાણી-દિવાસા વખતે જ્યારે લોકો ખેતીના કામમાં કામ કરી કરીને થાક્યા હોય છે તથા આ થાકને દુર કરવામાં આવા ઉજાણી-દિવાસાનો તહેવારોની ઉજવણી કરતા હોય છે અને આ વખતે આ આદિવાસીઓમાં રાઠવા જાતિના લોકો તહેવારોની ઉજવણીમાં અડદના વડાં (ઢેબરાં) પૂડી લોટના વડાં, ભજીયાં, તથા મીઠાઇઓ અને માંસ-મટન અને મહુડાંનો ઘરે ગાળેલો દારૂડાંનો કસંબ પણ લેતાં હોય છે. ત્યારે આ લોકો આનંદ-ઉલ્લાસ સાથે મોજ મજા સાથે રાત્રીના સમયે બધા લોકો સ્ત્રીઓ-પુરુષો, યુવાન-યુવતીઓ સૌ ભેગા મળીને અભિનય અને રાગ-તાલ સાથે આવા ગીતો ગાય છે અને આ ગીતમાં કોઇ આદિવાસી કન્યા કે જે પોતાના બાપનું ઘર છોડી સાસરે વળાવી દેવામાં આવે છે અને ત્યારે સાસરામાં વેઠવી પડતી સાસરા પક્ષની કડવાં-મીઠાં બોલની વાણી અને પોતાના સાસુ સસરાંનાં મેનાં-ટાંણાં નો ભોગ બનવું પડે છે અને આમ આ આદિવાસી કન્યા સાસરીયાંના આવાં દુ:ખડાની કલ્પનાઓ આ ગીતના અનુસંધાને ગાયને અભિવ્યક્ત કરવામાં આવી છે. જે નીચે પ્રમાણે વર્ણવી શકાય છે. આમ આ ગીતમાં સાસરા પક્ષને એક મરચીનાં તીખા ગુણો હોય છે. તેમ આ કન્યા પોતાના સાસરીયાને માને છે. અને કહે છે કે હે બાપુજી કે જેમ મરચીના મરચાં લાગે છે અને જ્યારે તેના ગુણો તીખા હોય છે. એટલું જ નહી તેના પાન પણ તીખાં લાગે છે. તેમ આ સાસરૂ પણ મારા માટે પણ તીખું છે. કે કડવું છે. તો હું કેમ કરીને ત્યાં જઉ. કારણ કે પોતાના ઘરે બાપુજીના વ્હાલ-લાડને કારણે એમણી વાણી પણ મીઠી હોય છે. જ્યારે સાસરાંમાં પોતાના સસરાંનો કડક સ્વભાવ હશે. તેથી, તેમણી વાણી પણ ખૂબજ કડવી કે તીખી હશે, એટલું જ નહી પરંતુ પોતાના મૈયરમાં પોતાની મા કે માતાને પોતાની વ્હાલી દિકરીના લાડ હોવાથી લાડ-કોડેથી બોલાવશે. જ્યારે સામે સાસરામાં પોતાની સાસુનો તીખો કડક સ્વભાવ હશે તો કડવા અને ન ગમે તેવા શબ્દો બોલશે. એટલે હે મા મારે નથી જાઉ સાસરે કે જ્યાં આવા કડવાં વેણ સાંભળવા મળતાં હોય. હે બેન તને પોતાના ભાઈઓ-વ્હાલથી બહેન કરીને બોલશે. બોલાવશે. પરંતુ સાસરાંમાં પોતાના દિયર ઉંચા અવાજથીજ બોલાવશે. તો હું શી રીતે આવા સાસરામાં જાઉ કે જ્યાં મને કોઇ સારી રીતે બોલાવતું પણ ન હોય. અહીંયા પોતાની

બહેનો હશે તો સારી રીતે બોલાવશે બેસાડશે. જ્યારે સાસરીમાં પોતાની નણંદ બેઠી-બેઠી ઘરનાં કામો બતાવશે. અને તે કહે તેવું કરવું પડશે. આમ આ સાસરાં અને બાપુનાં મૈયરની કલ્પનાઓને અહી સરખામણી કરવામાં આવી છે. આમ આ ગીતમાં સરસ એવું વર્ણન કરવામાં આવ્યું છે.

સાતે શિયાળાનો ગરબો, ગરબો રમવા જીયે (૨)
ફાયલીને કુયલી રે લેમડી ચાલો જોવાને જીયે
લાય રે ભાભી તારાં કલીયાં પેરી રમવા જીયે
લાય રે ભાભી તારી મોરલી પેરી રમવા જીયે,
લાય રે ભાભી તારી વાંસળી ચાલો રમવા જીયે
લાય રે ભાભી તારી હાંસડી પેરી રમવી જીયે
સાતે શિયાળાનો ગરબો ગરબો રમવા જીયે,

રસદર્શન : પ્રસ્તુત આ આદિવાસી લોકગીત એ એક ચોમાસાની ઋતુમાં આવતા તહેવાર કે જે ઉજણી-દિવાસાનો તહેવાર કહેવાય છે તે વખતે છોટાઉદેપુર તથા પાવી-જેતપુર વિસ્તારના આદિવાસી લોક સમુદાય પોતાના આનંદ-ઉલ્લાસથી રમવાની સાથે આવા ઋતુગીતો ગાતા હોય છે.

એટલે જ આ લોકગીતમાં એક શિયાળાની ઋતુઓનું વર્ણન કરવામાં આવ્યું છે ને કહે છે કે હે ભાઈઓ-બહેનો કે ચાલો આપણે સૌ ગરબો રમવા જઇએ. અને જેમજા આનંદ માનીએ. એક વૃક્ષ કે જે લીમડીનું છે. તે ખૂબ જ ઘટાદાર અને મોટી મોટી ડાળખીઓ અને ફુલોથી લચી પડી છે. અને તે ચાલો જોવા જઇએ. કેં વી એ લીમડીનું વૃક્ષ છે. કે આવા સમયે ફાલી-ફુલેલી છે એટલું જ નહી નંનદ કહે છે કે લાવો ભાભી તમારાં કલીયાં, મોરી, હાંસળી અને વાંસળી આ બધુ પહેરીને હું રબા રમવા જઉ. અને આ નનંદ પણ ઘણી હર્ષઘેલી-આનંદ વિભોર બની જાય છે

ફરતી ડુંગરોયોની છોડ ગરબો રમે
મયડો રે લોલ
માતાજીને સાંનો સે શણગાર કે ગરબો રમે
મયડી રે લોલ
માતાજીને ઓઢણીનો શણગાર કે ગરબો રમે,
મયડો રે લોલ,
માતાજીને ચુંદડીનો શણગાર કે ગરબો રમે રે
મયડો રે લોલ.

આ ગીતમાં પણ ખૂબજ સરસ એવી રીતે વર્ણન કરવામાં આવ્યું છે અને માતાજીના સોળે-શણગાર વસ્ત્રો તથા અંલકારોનું શૃંગારરસ દ્વારા વર્ણન થયેલું છે.
આ ગીતમાં માતાજીના સોળે-શણગાર સજીને ગરબો રમતાં હોય છે. ત્યારે માતાજી જાણે ડુંગરીયોની ચારે-કોર છવાયેલાં હોય તેમ નજરે પડે છે અને માતાજીને ઓઢણીનો શણગાર અને ચુંદડીનો શણગાર પણ માતાજીને ગરબામાં અનેરો પ્રકાશ કે નવી છાપ જણાય આવે છે. આમ આ ગીતમાં માતાજીને એક મુખ્ય પાત્ર તરીકે વર્ણવવામાં આવ્યા છે.

નાંનાં હતાં નથ કેવળો કેસરીયા રે વાલા
કલીયાંના પેરનાર ભયરા જોબન મે
નાના નથ એવડાં કેસરીયા રે વાલા
સાડીનાં પેરનાર ભયરાં જોબન મે,
નાના હતા નથ એવડાં કેસરીયા
મોરલીના પેરનાર ભયરાં જોબન મે,
નાનાં હતાં નથ એવડાં કેસરીયારે
હાંસડીનાં પેરનાર ભયરાં જોબન મે,
નાંનાં હતાં નથ એવડાં કેસરીયારે
ચુંદડીના પેરનાર ભયરાં જોબન મે
નાંનાં હતાં નથ એવડાં કેસરીયારે

શબ્દાર્થ : **નાનાં-બાળપણ, કેસરીયા-સુંદર, વાલા-વહાલાં, લીયાં-હાથમાં કે પગમાં પહેરવાનું ઘરેણું, પેરનાર-પહેરનાર, ભયરા-ભરપુર, જોબન-યુવાની.**

ઉપયુક્ત ગીતમાં બાળપણ અને યુવાનીની વાત કરવામાં આવી છે. અને એ દ્વારા યુવાનના જોબનની વાત અહી પ્રગટ કરવામાં આવી છે. જે નીચે પ્રમાણે જોઇ શકાય છે.

આ ગીતમાં જ્યારે બાળપણમાં નાનાં હતા ત્યારે કેવાં ન્યારાં આપણે હતાં. અને વહાલાં અને સુંદર હતો. અને હવે જ્યારે ભરપુર જવાનીનું જોબન આવ્યું છે. ત્યારે આ નાનાં બાળક ના કલીયાં હવે કેવી રીતે પહેરવું કારણ કે એ બાળપણ ગયું અને હવે બરાબર યુવાનીનું જોબન આવ્યું છે. સાડીઓના પહેરનાર એવા એ પણ યુવાનના જોબન આવી ગયા છે. ત્યાર બાદ મોરલી પહેરનાર એવા કુંવરી પણ યુવાનીના ઉંબરે આવીને ઊભી છે. એટલું જ નહી આ હાંસડી તથા આ ચુંદડીના પહેરનાર એવા કુંવરી

પણ યુવાન થઇ ગઇ છે અને એનું જોબન પણ થનગની રહ્યું છે.
આમ આ ગીતમાં કન્યાની બાળપણ અવસ્થા અને યુવાનીની વાત અહી કરવામાં આવી છે.

ધમ-ધમ બીલી કટોલી તારાં પાંનાં,
માધેવજીના ચોકમાં રે લોલ,
કલીયાં લાવે તો બે જોડી લાવે કે ઝઘડો લાગશે રે લોલ,
ઝઘડો લાગે તો લાગવા દિજો શિયાળ છેડે
ભાંગશું રે લોલ,
હાંસળી લાવે તો બે જોડી લાવે કે ઝઘડો લાગશે રે લોલ,
ઝઘડો લાગે તો લાગવા દીજો કે શિયાળ છેડે
ભાંગશું રે લોલ,
મોરલી લાવે તો બે જોડી લાવે કે ઝઘડો લાગશે રે લોલ,
ઝઘડો લાગે તો લાગવા દીજો કે શિયાળ છેડે
ભાંગશું રે લોલ,
કપુલાં લાવે તો બે જોડી લાવે કે ઝઘડો લાગશે રે લોલ,
ઝઘડો લાગે તો લાગવા દીજો કે શિયાળ છેડે
ભાંગશું રે લોલ.

રસદર્શન : આ ઉપરના લોકગીતમાં મહાદેવજીને ચડાવવામાં આવતા બીલીપત્ર ના છોડની મહત્તા/મહિમા અને મહાદેવની પૂજાની પરંપરા મુજબની સંસ્કૃતિ અહી જોઇ શકાય છે.

આ ગીતમાં માધેવજીને ચડાવવામાં એટલે કે પૂજા કરતી વખતે બિલીપત્ર નામના ઝાડની વાત કરવામાં આવી છે. આમ જેમ બિલીપત્ર વગર ભગવાન મહાદેવની પૂજા પણ અધુરી ગણાય એમ સ્ત્રીના અનેક એવા આભૂષણોની સરખામણી કરવામાં આવી છે અને એ દ્વારા કોઇ કન્યા પોતાનો પતિ બનનાર કે પોતાના પ્રેમી યુગલને ઉદ્દેશીને કહે છે કે હે જુવાન મારા માટે પગમાં પહેરવાના કલીયાંની બે-જોડો લાવજે જો એવું નહી થાય તો આપણે બેને એટલે બંને વચ્ચે સંબંધો બગડશે. અને પછી ઝઘડો લાગશે. એવું પેલી કન્યા તેના પ્રેમી યુવાનને કહે છે. ત્યારે સામે પેલો પ્રેમી કહે છે કે કોઇ વાંધો નહી ઝઘડો થાય તો થવા દેજો અને છેવટે એનું પણ શિયાળાની મોસમમાં છેલ્લે સમાધાન કરી લેશું એવું કહે છે. આમ પોતાની પ્રેમીકા કે જે પોતાના આભુષણો

હાંસળીની, મોરલીની તથા કળુલાં એમ બધાજ અલંકારોની બંબ્બે જોડો લાવવાની હઠ કરે છે અને જીદ કરે છે અને આવું નહી બને તો ઝઘડો કરીને છૂટી જવાની વાત કરે છે પરંતુ તેનો જવાબ પણ એને એવોજ મળે છે કે ઝઘડો થશે તો પણ એનું સમાધાન છેલ્લે શિયાળાની ઋતુમાં કરી લેવાની વાત યુવાન કરે છે.

ઘડુલીયે જજો રે વિરા રે ઘડુયલુ ઘુમે છે, (૨)
માતા વેરાયે લાયગી રે ઘડુયલુ ઘુમે છે,
લડાય ઘડુલીય જાજો રે
માતા ફેનાયે લાયગી લડાય રે ઘડુલીયું ઘુમે છે,
ઘડુલીયે જજો રે
માતા કાળકા એ લાયગી લડાય રે ઘડુલીયું ઘુમે છે.

રસદર્શન : પ્રસ્તુત ગીતમાં દેવીઓની વાત કરવામાં આવી છે. અને દેવીઓની પૂજા-વિધી દ્વારા આ દેવીઓ પ્રત્યેની આસ્થા વિશે અહીં વર્ણન અને દેવીઓના ભાવ-લાગણીઓ વિશે કહેવામાં આવ્યું છે.

આ ગીતમાં માતાઓ પ્રત્યેની સહાનુભૂતિ વ્યકત કરવામાં આવી છે. જ્યારે ઘડુલીયે એટલે કે પાણી લેવા જાજા રે ભાઈ પણ ઘડો ઘુમી ના જાય તે ધ્યાન રાખજો એટલું જ નહી પરંતુ ત્યાં રહેતી માતાઓની દેવીઓની એવા-પૂજાઓ કરજો જેથી કરીને તારા કાર્યમાં કોઇ જ વિક્ષેપ નહી આવે. અને જ્યારે ભાઇ જાય છે ત્યારે વેરાય માતા સાથે એને વાદવિવાદો થાય છે. તથા ફેનાય માતા અને કાળકા જેવી માતાઓ સાથે ઘણા સંઘર્ષ કરવા પડે છે.

હું તો રૂમઝૂમ પાંનીલાં ગયતી ફરતા કુમતા રે લોલ, (૨)
હું તો સરોવર પાંનીલાં ગયતી ફરતા કુમતા રે લોલ,
મારી હિરાની ઉઢણી કે પાંનીલા ગયતી રે ફરતા કુમતા રે લોલ
મારાં સોના-રૂપાનાં બેડુલાં કે ફરતા કુમતા રે લોલ,
મારાં તાંબા કેરાં બેઠુલાં કે ફરતા કુમતા રે લોલ
હું તો રૂમઝૂમ પાંનીલાં ગયતી, ફરતા કુમતા રે લોલ.

રસદર્શન : ઉપરોક્ત આ લોકગીતમાં કોઇ પાણી લેવા જતી પણીહારી અને એના લટકા-ચાલ તથા એના ઉઢેણીના લટકતાં કુમતાંની વાત અહીં કરવામાં આવી છે. આ ગીતમાં કોઇ કન્યા કે પણીહારી એના કામમાં ભાવવિભોર બની ગયેલી હોય છે.

અને જ્યારે તે પાંણીલાં જતી વેળાની એની લટકતી-ચટકતી ચાલની વાતનું વર્ણન કરવામાં આવ્યું છે. એ કહે છે કે હું જ્યારે પાણી લેવા ગઇ હતી ત્યારે મારા ચોટલાના કુમતા તથા ઉઢેણીના કુમતા જાણે આમતેમ ફરતા હતાં એવું લાગતું હતું. અને મારી હિરાજડીત ઉઢેણી કે જેના ઉપર બધા જ લોકોની નજર એના ઉપર પડતી હતી. અને એના લટકતા કુમતાઓ પણ જાણે આમતેમ ફરતા-ફરકતા હતા. બીજું કે મારા સોના-રૂપાંનાં બેડાં જે ચળકાટ મારી રહ્યાં હતાં ત્યાર બાદ તાંબાના બેડુલાં પણ જાણે ચળકાટ મારી રહ્યાં હતાં. આમ બેડુલાં અને ઉઢેણીના કુમતાની વર્ણન કલા-પ્રગટ કરવામાં આવી છે.

આમ આ ગીતમાં કોઇ પાણીની પણીહારી અને તેના લટકતી ચાલ અને બેડુલાંની ઉઢેણની વાત આ ગીતમાં કરવામાં આવી છે.

સામાંની પેલી છેડે રે પાયા ખોદાય છે (૨)
પાયાની ખોદાય એનું શુંયેલા કામ છે હું જાણું નામ
નાંરતા જાય છે
સાંમાની પેલી છેડે રે ઇંટો પડાય છે,
ઇંટો પડાય એનું શું એલા કાંમ છે હું જાણું નામ
નાંરતાં જાય છે,
સામાની પેલી છેડે રે બંગલા બંધાય છે,
બંગલા બંધાય એનું શું એલા કાંમ છે હું જાણું નામ
નારતા જાય છે.

શબ્દાર્થ : **સામાં-સામે, છેડે-કિનારે, પાયા-મકાનનો પાયો, ખોદાય-ખોદવું તે પડાય-પાડવું બનાવવું, શુંયેલા-શું એનું, કાંમ-કામ.**

પ્રસ્તુત ગીતમાં મકાન કે ઇમારતની બનાવવાની વાત અહી કરવામાં આવી છે. આ મકાનનું શું મહત્વ અને શા માટે બાંધવામાં આવે છે. એવા પ્રશ્નાર્થ ભર્યા પ્રશ્નોની પણ વાત કરવામાં આવી છે.

અને કહેવામાં આવ્યું છે કે સામાની પેલે પાર કે કિનારે પાયા ખોદવામાં આવી રહ્યા છે અને શું એનું કામ છે. એ મને કંઇ ખબર પડતી નથી કારણ કે આ નાંરતા એટલે કે નવરાત્રીના દિવસો છે એટલે કે પછી શું કામ આવું થાય છે. એટલું જ નહી પરંતુ સાથે-સાથે ઇંટો પાડવાનું કામ પણ એટલા જ જોર-સોરથી કરવામાં આવી રહ્યું

છે. આટલા ઝડપથી શા માટે આ કામ કરી રહ્યા છે ત્યારે પછી કહેવામાં આવ્યું છે કે એનો સામા કિનારે કોઇ બંગલા બંધાઇ રહ્યા છે જેથી એના માટે આ ઇંટો-પાયા બધું કામ કરતા હતા. એવું જાણવાનું મળે છે. આમ આ ગીત ચોમાસા પછીના નવરાત્રીના દિવસોની યાદ કરાવતું વર્ણન બતાવવામાં આવ્યું છે.

ડાંગેર પાતરી સોટી લાંબો વેલો કે ડાંગેર પાતરી રે લોલ, (૨)
સોરા તું એવળલો રૂપારો કમર મે પાતરો રે લોલ,
સોરી તુ એવળલી રૂપારી કમર મે પાતરી રે લોલ,
સોરા તારા વેવલીયાં પુછાવો હવેલીનાં ચોકમાં રે લોલ,
સોરા તારાં તલેળાં મંગાવો હવેલીનાં ચોકમાં રે લોલ,
સોરી તારાં તલેળા ચડાવો હવેલીનાં ચોકમાં રે લોલ,
સોરી તારા માંડવળા રાંચાવો હવેલીનાં ચોકમાં રે લોલ,
સોરી તારા માંડવળા રાચાવો હવેલીનાં ચોકમાં રે લોલ,
સોરી તારી જાનેડો મંગાવો હવેલીનાં ચોકમાં રે લોલ,
સોરી તારી જાનેડો મંગાવો હવેલીનાં ચોકમાં રે લોલ
ડાંગેર પાતળી સોરી લાંબો વેલો

પ્રસ્તુત લોકગીતમાં એટલે કે આદિવાસી લોકગીતમાં એક કન્યા અને ડાંગર સાથેની સરખામણીનો ભાવ અહીંયા જોવા મળે છે. અને એકબીજાની તુલનાત્મક રીતે સરખામણી થાય છે. એનો ચિતાર આ ગીતમાં રજૂ કરવામાં આવ્યો છે.
આ ગીતમાં એક ડાંગરના છોડની વાત થયેલી છે. જેમાં ચોમાસાની ઋતુમાં જ્યારે શ્રાવણ માસની અંદર ડાંગર બરાબર એની બીજ કાઢવાની તૈયારીમાં હોય છે. એટલે કે ડાંગર એની યુવા અવસ્થામાં રાચેલી હોય છે ત્યારે ડાંગરનો છોડ પાતળો હોય છે. પરંતુ એની સોટો લાંબો અને ઊંચો થાય છે. એવી જ રીતે અહીંયા એક રૂપાળો યુવાન અને યુવતી (કન્યાને) આ ડાંગરના સોટીની સાથે સરખાવવામાં આવ્યો છે. અને એકબીજાના સંવાદો જોવા મળે છે. કે છોકરા હે યુવાન તું રૂપાળો, સુંદર ઘણો છે. પરંતુ તારી કમર પાતળી છે. એટલે તું પાતળો છે. એવી વાત કન્યાના મુખ દ્વારા કરવામાં આવી છે. ત્યારે સામે યુવાન પણ કહે છે કે હે સુંદરી મારી શું વાત કરે છે પરંતુ તુ પણ સુંદર, રૂપાળી તો છે. પણ તારામા પણ એવી જ ખામી છે. એવું કહે છે. અને સામ-સામે એકબીજાને લગ્નગ્રંથી જોડાવાની મનની ઇચ્છાઓ વ્યક્ત કરે છે ને તારાં વેવલીયાં પુછાવો કે જે હવેલીયો હોય અને પછી તેલેડાં, મંડપ બાંધીને જાનો પણ મંગાવો.

આમ સામ-સામે આ રીતે લગ્નના સંબંધોથી જોડાવાની આશાઓ અભિવ્યક્ત કરતાં જણાવે છે.
આમ આ આદિવાસી લોકગીતમાં યુવાન / યુવતીની પ્રેમસંબંધી, લગ્નસંબધી સરખામણી દ્વારા વાર્તાલાપો થયેલા જોઇ શકાય છે.

ચાલ હો ભીલડી વનવગડાં મે વાલો રમાડવા જીસે જી રે
હગાથ લેશું પોપટ પાંજરું તેની હંગાથે જશું જી રે
વાઘ-બોયલો વાંદર ભળૂક્યો એ વગડામાં કેમ જીએ જી રે
ચાલ હો ભીલડી વનવગડાં મે વાલો
બારે તે મનનું દાતડુ ઘડાયવું, તેરે તે મનનો હાથો જીરે,
બારે તે ગાંમની સીમ વાયળી તેર કલાની જાકરી જીરે,
ચાલ હો ભીલડી વનવગડા મે વાલો
બારે તે બંધીયે મોરું બાંયધુ, તેરે જણા ચડાયવું જીરે,
ઘેરે જઇને મોરું નાઇચ્યું ઘરનાં ઠાંરો ભરડ્યાં રે લોલ,
ચાલ હો ભીલડી વનવગડાં
બારે તે બંધીયે હેળી-ફેળી નાયખાં, ભૂરી તે ભેસને નાયખાં જીરે
કળ-મદલાંની હોળા બેઠી ફોળાવી ન બેઠી જી રે,
ચાલ હો ભીલડી વનવગડાં
બારે તે ગજનો ઘાઘરો સીવાયડો તેરે ગજાનું નાડું જીરે,
કળ મદલાંનો ઘાઘરો પેયરો એક ઢગરો ઢંકાયો જી રે,
ચાલ ભીલડી વનવગડાં
બારે તે ગજનું કબજો સીવાયળું તેર ગજાની કોસો જીરે,
કળ મદલાંનું કાયળુ પેયરુ, એક ધાયું ઠકાયું જીરે,
ચાલ હો ભીલડી વનવગડાં મે

શબ્દાર્થ : ચાલ ભીલડી - ભીલ કન્યા વાલો -જીએ - જવુંહંગાથ - સાથે લેશું-લેવું બોયલો - બોલવું, અવાજ કરવો ભડચ્યો - ડરી જવું બારે - બાર, ૧૨ મન - વીસ કિલો દોવા - દોહવા ગજ - મીટર (માપ) ઘાઘરો - ચણીયો પેયરો - પહેરવું તે તેરે - તેર (૧૩) નાડું - ઘાઘરાને બાંધવાનું નાળું દાતડું - દાતરડું, ઘાસ કાપવાનું ઘડાયવું - બનાવવું, હાથો - હાથો, લાકડાનો દસ્તો સીમ - સીમાળો વાયળી - કાપવું બંધીયે - બાંધવામાટે બનાવેલ વેલજ્યું

મોરું – ભારો ચડાયવું – ઉંચકવું નાયચ્યું – નાચવું, હેળી-ફેળી – છૂટા પાડી દેવા ઠગરો – કુલો, થાયો કાપળું – કબજો કોસો – ઘાયું – સ્ત્રીનું સ્તન, દૂધલું

પ્રસ્તુત લોકગીતમાં એક ભીલ કન્યા અને ભીલ યુવાનની વનગડાંમાં જઇને હરવા-ફરવા તથા સાથે શું શું લઇ જવું અને લાવવું એટલું જ નહી પરંતુ આ ગીતમાં ભીલ કન્યાના પહેરવામાટે શીવડાયેલા વસ્ત્રો અને પહેર્યા બાદ કેટલા અંગો માટે પરતુ પડી રહે છે એની રમૂજી વાત અહીં વ્યક્ત કરવામાં આવી છે એનું ઊંડાણ પૂર્વક રસદર્શન જોઈ શકાય છે.

આ આદિવાસી લોકગીતમાં મુખ્ય પાત્રો તરીકે ભીલ કન્યા તથા ભીલ યુવાનની રમૂજી અભિવ્યક્ત કરવામાં આવી છે. અને કોઇ ભીલ યુવાન પોતાની પ્રિયતમાને કહે છે કે હે ભીલડી ચાલ વન ના વગડાંમાં ફરી આવીયે. અને મોજ-મજા કરીએ. અને સાથે પોપટને પકડીને લાવવા માટે પાંજરુ પણ લઇ લેશું. ત્યારે સામે કન્યા કહે છે કે એ વન-વગડાંમા વાઘની ગર્જનાથી તો વાંદર પણ ડરી જાય છે તો કેમ કરીને ત્યાં જઇએ. મને પણ એનો ડર છે અને પછી કહે છે કે એક ઘાસ કાપા માટે બાર મનનું લોખંડ લઇને ઘડાવેલું દાતરડું બનાવ્યું. અને એનો હાથો તેર મનનો છે. એવું દાતરડું લઇ લે. અને પછી બાર ગામની સીમડાનો ઘાસ કાપીએ. અને તેર-તેર કરપલાં બનાવીએ. તેથી ચાલ ઝડપથી આપણે જઇએ અને પછી જઇને ઘાસ કાપે છે. અને તેણે બાર બંધીયે ભારો બાંધે છે. અને પછી તેર વ્યક્તિઓથી ઉચકીને માથા ઉપર ચડાવે છે. અને પછી ગામમાં આવે છે. એ જોઇ મોર નામનું પક્ષી પણ નાચી ઉઠે છે એટલું જ નહી ઘરમાં ઢોરો (પશુઓ) ગાય, બળદ, બકરાં, ભેસો ડરી જાય છે. ભડકી જાય છે. ઘરે જઇને એ ઘાસનો ભારાને બંધ કાંપી નાખીને સેળભેળ કરી નાખે છે પછી ભૂરી ભેંસને ખાવા માટે આપે છે. અને પછી સરસ મજાની દૂધ દોહવાની પવાલી લઇને (માટલી) બેસે છે. પણ એ માટલું ફોડી નાખીને બધુ દૂધ ઢોળી નાખે છે.

ઝરમર ઝરમર આભેલી વરસી ભીંગે ભાઈનાં ધોતીયાં રે લોલ, (૨)
પીગે તાં હુરી પીંગવા દીજો નવાં લઇ આલયું રે લોલ,
પીગે તાં હુરી પીંગવા દીજો નવાં લઇ આલયું રે લોલ,
ઝરમર ઝરમર આભેલી વરસી
ગાંમનું ગોવારીયું વરી-વરી પૂશે ગોરી કેરુ આવશો રે લોલ,
આ ખૂણે ભાયો પેલે ખૂણે ભાભી કયે ખૂણે રઇ જેલાં રે લોલ,
હાંકી ઠોકીને ગુંદરે બેસાયડાં કયે ખૂણે રઇ જેલાં રે લોલ,

હાંકી ઠોકીને ગુંદરે ભેસાયડાં કયે ખૂણે રઇ જેલાં રે લોલ,
ઝરમર ઝરમર આભેલી
ગાંમનું ગોવાળીયું વરી-વરી પૂછે કઇ ખૂણે રઇ જેલા રે લોલ.

શબ્દાર્થ : ઝરમર- ધીરે-ધીરે, આભેલી-પાણીથી ભરેલું વાદળ (આભલું) પીગે/ભીંગે-પલળવું, ધોતીયાં-ધોતી, હૂંરી-સુધી, દીજો-દો, (પલળવા દો) લયું-લઇ આપવું, ખરીદી લેવું, ગામનું-ગામનો, ગોવારીયું-ગાયોનો ગોવાય વરીવરી- ફરીફરી, પૂશે-પૂછવું, ગોરી - સુંદરી, કેરું-ક્યોરે, ભાયો-ભાઇ, કયે-યા, રઇ-રહી જવું, હાંકી - હાંકવું (ઢોરને) ઠોકી-માર પાડવો તે ગુંદરે - ગામના પાદરે

આ આગળના આદિવાસી લોકગીતમાં ચોમાસાની ઋતુમાં ઉજવાતા તહેવાર ઉજાણી- દિવાસાના ગીતમાં સરસ એવી વર્ષાઋતુ તેમજ તે વખતના પાકોની વાવણીના ખેતરોથી ફરપુર એવું સુંદર દશ્યવર્ણન કરવામાં આવ્યું છે.

આ ગીતમાં એક આદિવાસી કન્યા અને તે ભાઈ અને બહેનના પવિત્ર લાગણી સબળ પ્રેમ સંબંધી વાત કહેવામાં આવી છે અને એક બીજાની રમજી જોવા મળે છે અને કહેવામાં આવ્યું છે કે જયારે વર્ષાઋતુનો સમય હોય અને શ્રાવણ માસ ચાલતો હોય અને તે જ સમયે ભાઈ અને ભાભી તથા નનંદ ખેતરમાં હોય તેવા સમયે ને મેઘરાજાનું આગમન થાય ત્યારે ઝરમર ઝરમર આભલી વરસી રહી હોય અને ત્યારે જ ખેતરમાં કામ કરી રહેલ પોતાના ભાઈ-ભાભી તથા કન્યા પોતે આવા સમયે પલળી જતા હોય છે. અને ઠંડીથી થીંજતા હોય છે. અને ભાઈનાં ધોતીયાં પલળી જાય તે હિસાબે તે આમતેમ ઝાડ નીચે માંપ મારે છે. ત્યારે પોતાની બહેન કહે છે કે આ ધોતીયાં પલળે તો પલળવા દે આપણે બીજાં નવા ધોતીયાં લઇ લેશું. અને તે જ સમયે આ કન્યા કોઇ જગ્યાએ (મંજુરી અર્થે) બહાર જતાં એને ગામનાં ગોવાળિયું વળી-વળીને પુછે છે કે હે ગોરી હવે તમે ઘરે ક્યારે આવશો કારણ કે વરસાદે કપડાં પલાળી દીધાં છે. તો તમે હવે ઘરે ચાલો. ત્યારે પેલી કન્યા કહે છે કે આ ખૂણે ભાયો છે. અને પેલા ખૂણે ભાભી છે. અને ક્યા ખૂણે રહી ગયેલો છે. તે પણ મને કોઇ જ ખ્યાલ નથી. એટલે હજું ઘરે જવાનું કોઇ જ નક્કી નથી. ત્યારે પેલો ગોવાળીયો પોતાના ઢોર હાંકી-હાંકીને એક ગામના પાદરે કે જે ગુંદરું કહેવાય ત્યાં બધા ઢોર ભેગાં કરી દે છે અને સામ પેલી ગોરી કન્યા અને પેલા ગોવાળ સાથે વાતચીત થાય છે.

આમ આ ગીતમાં સરસ મજાની ગોવાળ તથા કન્યા, ભાઈ-ભાભી વચ્ચેના વ્યવહારિક સંબંધોની વાત કરવામાં આવી છે.

અમારી બાગમે સાંનુલા ઝાડ છે (૪)
અમારી બાગ મે મરચીનું ઝાડ છે (૨)
મરચું લેવા સોય તે આવે હમારી બાગમે,
સાગનો સોટો રસુલી બાગમે (૨)
સાંજના રમે રસુલી બાગમે સાગનો સોટો રસુલી બાગમે
અમારી બાગમે રીંગણીનું ઝાડ છે
રીંગણું લેવા સોય તો આવે હમારી બાગમે
સાગનો સોડો રસલીબાગમે (૨)
સાંજના રમે રસલી બાગમે
અમારી બાગમે સાંનુલા ઝાડ છે,
અમારી બાગમે દૂધીનું ઝાડ છે,
દૂધી લેવા સોય તો આવે અમારી બાગમે
સાગનો સોડો રસુલી બાગમે
સાંજના રમે રસુડી બાગમે
અમારી બાગમે ગલગોટનું ઝાડ છે
ફુલુ લેવા સોયતો આવે હમારી બાગમે,
સાગનો સોટો રસુલી બાગમે,
અમારી બાગમે ગુલાબનું ફુલ છે,
ફુલુ લેવા સોયતો આવે હમારી બાગમે,
સાગનો સોડો રસુડી બાગ મે,
અમારી બાગમે સાંનુલા ઝાડ છે.

શબ્દાર્થ : સાંનુલા – શેનું, ક્યું સોયતે – હોય તો રસુલી – સુંદર

જેના મારુજી રે મારે આંજેન મારા પીપરો રે,
જેના મારુજી રે (૨)
જેના મારુજી રે તલવારની ધાર પર ચાલવું રે,
જેના મારુજી રે (૨)
જેના મારુજી રે મારે જોયે ડબલ નોકરી રે,
જેના મારુજી રે
જેના મારુજી રે સરકારી નોકરી રે સે આંકરી રે,

જેના મારુજી રે
જેના મારુજી રે પાંનાં તોડીને દાડા ગણજો રે,
જેના મારુજી રે
જેના મારુજી રે ભાયને જોયે ડબલ નોકરી રે,
જેના મારુજી રે
જેના મારુજી રે નોકરીતા આયલા સે કોદરા રે,
જેના મારુજી રે
જેના મારુજી રે કોદરા ખાઈ સોરાં માંયનાં રે,
જેના મારુજી રે

જેના મારુજી રે મારે સાંજેન મારા પીપરો રે
સુણીયાં વાડવા જેલાં રે રણછોડજી સોગાળા (૨)
ઓ હો રે વહું સુણીયાં બતાવી દો રે,
રણછોડજી સોગાળા
સુણીયાં તે ભેંસોને આયલા રે,
રણચોડજી સોગાળા,
વહુ રે વહૂ મને દૂધ બનાવો

લગ્ન ગીતો (ગણેશ સ્થાપના)

ભીતે દિવેલીયું, મેલો મારં બેની, મેલો મારાં બેની,
અનબેલો એમ લીધો રે (૨)
પિતા બોલાવે બોલો મારાં બેની, બોલો મારાં બેની,
અનબોલો એમ લીધો રે, (૨)
માતા બોલાવે બોલો મારાં બેની, બોલો મારાં બેની,
અનબેલો એમ લીધો રે, (૨)
વીરા બોલાવે બોલો મારાં બેની, બોલો મારાં બેની,
અનબેલો એમ લીધો રે (૨)
બેનો બોલાવે મારાં બેની, બોલો મારાં બેની,
અનબેલો એમ લીધો રે.

શબ્દાર્થ : ભીત-ઘરની દિવાલ, મેલો-મુકવું, મૂકો, દિવેલીયું-દિવેલથી ભરેલ દીવો, અનબેલો-ન બોલવું તે, અનબોલાં, બેની-બહેન, ચેમ-કેમ.

ભીતે મેલો રે દિવેલીયું ઝલકાશ મારે રે, (૨)
ઘર મે ફરો રે બેનીના બાપુ ઝલકારા મારે રે, (૨)
ઘર મે ફો રે બેનીના માળી ઝલકારા મારે રે,
ઘર મે હરો રે બેનીના વીરા ઝલકારા મારે રે,
ઘર મે ફરો રે બેનીના ભાભી ઝલકારા મારે રે,
ઘર મે ફરો રે બેનીનાં બેની ઝલકારા મારે રે.

શબ્દાર્થ : ફરો-હરવું ફરવું, બેની-બહેન, માળી-માતા,મા, ઝલકારા-અજવાળાં થઇ જવાં તે.

જીલે-જીલે ગોરાં બેની નાવેલાં કરો રે, (૨)
બાપુની વાડીમે નાવેલાં કરો રે,
બાપુ સીવડાવે બેનીને લાલે, માંજેડા રે,
લગનાં લેવડાવે બેનીને ઉંશે પૈનાવે રે
જીલે-જીલે ગોરાં બેની નાવેલાં કરો રે

શબ્દાર્થ : જીલે જીલે -ધીરેધીરે, ગોરાં-રૂપાળાં, નાવેલાં-નાહવન, પૈનાવે -લગ્ન, વિવાહ, લાલે-લાલ રંગના.

નાજો રે નાજો ગોરાં બેની કવલીયોનું પાંની રે,
તમારે રે બાપે કુવલા ગોળલાં કુવલીયોનું પાંની રે,
નાજો રે નાજો રોજાંનાં સોરા ડાભરીયોનું પાંની રે,
સોરાંના રે બાપે ડાભરાં ડાંચેલા ડાભરીયોનું પાંની રે,
નાજો રેવાજો ગોરા બેની કુવલીયોનું પાંની રે,
નાજો રે નાજો રોજાંનાં સોરા ડાભરીયોનું પાંની રે.

શબ્દાર્થ : નાજો-નાહવન કરજો, ગોરાં-રૂપાળાં, કુવલીયો-કુવો, પાંની-પાણી, ગોળેલા-ખોદવું, ખોદકામ, રોજાં- સોરા-છોકરા, ડાભરીયો-ખાડા ખબોચીયા, ડાંચેલા -

અંતરનો સાંટો બેની, ધુપેલનો સાંટો બેની રજે ઉડે,
ઘાસતેલનો સાંટો સોરા, દિવેલનો સાંટો સોરા કુવેચ ઉડે, (૨)

નદીઓનું પાંની બેની, ઝારીઓનું પાંની બેની રજે ઉજે, (૨)
કોતેડાનું પાંની સોરા, ડાભરાંનું પાંની સોરા કુવેચ ઉજે, (૨)
અંતરનો સાંટો બેની, ધૂપેલનો સાંટો
ઘાસતેલનો સાંટો સોરા, દિવેલ નો સાંટો

શબ્દાર્થ : સાંટો-છાંટા, રજે-સુગંધ, ઘાસતેલ-કેરોસીન, કુવેચ -ખજુરી, કાંટાળી સીંગો, પાંની-પાણી, ઝારીઓનું-ઝરણા કોતેડા-ગામની વચ્ચે વહેતું પાણી, ડાભરા -ખાડા ખબોચીયામાં રહેલું પાણી.

એલાં તેલાં ચડશે રે ધરતી માતાને રે, (૨)
એલાં તેલાં ચડશે રે, અમાર હિનાબેનને રે, (૨)
કરસી તેલાં ચડશે રે, અમાર હિનાબેનને રે, (૨)
વાસી તેલાં ચડશે રે, એલાં રોજાંના સોરાંને, (૨)
એલાં તેલાં ચડશે રે, ધરતી માતાને રે.

શબ્દાર્થ : અમાર-હમારા, કરસી-તાજુ, વાસી-ઘણા દિવસોથી પડેલું.

ઓ મારાં બેની તેલ ચાંથી આંયણુ રે, (૨)
બેનીને માથે તેલાંની કુંડી રે,
સોરાને માથે લાકડાનો ભારો રે,
ઘાંચીને ઘેરે, વેવાંણી ગરેનાં મેયલાં તેલેડાં આંયનાં રે,
ઘાંચીને ઘેરે, વેવાંણી ગેરનાં મેયવા તેલેડાં આંયનાં રે.

શબ્દાર્થ : ચાંથી-ક્યાંથી, આંયણું-લાવવું, કુડી-(વસ્તુ) પાણી કે તેલ રાખવાનું વાસણ, સોરો-છોકરો, ગેરનાં-ઘરેણાં (સોના ચાંદીના અંલકાર), વેવાંણી-વેવાણની પત્ની.

અમુને કોયેના કીધું, આવો બેનો બેસો
સજનીયું સજે મજે, (૨)
અમુને શયલેશભઇના કીધું, આવો બેનો બેસો,
સજનીયું સજે મજે, (૨)

શબ્દાર્થ : અમુને-એમણે, કોયના-કોઇપણ

આંબા કોયલ બેની આંબા મે માલે, (૨)
બાપુનો લાડ બેની બજારો મે માલે, (૨)

સસરાંના મેનાં બેની ખેતરો મે રુવે (૨)
માતાનો લાડ બેની બજારો મે માલે (૨)
સાસુનાં મેનાં બેની રહોડા મે રુવે, (૨)
વીરાનો લાડ બેની ટાંકીઓ મે માલે, (૨)
દિયરનાં મેનાં બેની કપડાં મે રુવે (૨)
બેનોનો લાડ બેની બજારો મે માલે, (૨)
નનદોનાં મેનાં બેની પાંનીલાં મે રુવે, (૨)

શબ્દાર્થ : માલે-મોજ મજા, લાડ-વહાલ પ્રેમ, મેનાં-કડવા વેણ, ખેતરો-ખેતર, રુવે-રડવું, રહોડાં-રસોઇ, પાનીલાં-પાણી.

નાના રે કોયલ બેન તમે વન વગડે કેમ ફરશો
હરશો ફરશો ઓટીલે ચડશો બાપુની વાટ જોવશો,
સેટથી સાડીઓ દેખું જન મારે માડી રે આવે,
હરશો ફરશો ઓટીલે ચડશો વીરાની વાટ જોવશો
સેટેથી ગાડીઓ દેખું જન મારે વીરા રે આવે,
હરશો ફરશો ઓટીલે ચડશો ભાભીની વાટ જોવશો,
ચુડીલાંનો સમકો વાગે જન મારે ભાભી રે આવે,
નાના રે કોયલ બેન તમે વન વગડે કેમ ફરશો

શબ્દાર્થ : ઓટીલે-ઓટલો, વાટ-રાહ, જોવશો-જોવી, સેટે-દુરથી જન-જાણે, સમકો-ઝમકારનો અવાજ.

ઘુઘરીયારો ગોફનો રે બેન્ને રેશમની દોરી,
કોન-કોન જોવા ગયલું રે બેન્ને રેશમની દોરી,
બાપુ જોવા જેલાં રે બેન્ને રેશમની દોરી,
માળી જોવા જેલાં રે બેન્ને રેશમની દોરી,
બાપુને ગમી ગયલું રે બેન્ને રેશમની દોરી,
માળીને ગમી ગયલું રે બેન્ને રેશમની દોરી,
વીરા જોવા જેલાં રે બેન્ને રેશમની દોરી,
ભાભી જોવા જેલાં રે બેન્ને રેશમની દોરી,
વીરાને ગમી ગયલું રે બેન્ને રેશમની દોરી,
ભાભીને ગમી ગયલું રે બેન્ને રેશમની દોરી,

ઘુઘરીયારો ગોફ્નો રે બેન્ને રેશમની દોરી
આંબાની તુરી ડાળ નયમાં હો બેની,
બાપુની બોલી કેમ છોયડાં હો બેની,
સસરાંની બોલી કેમ ઝાયલી હો બેની,
માતાની બોલી કેમ સોયડી હો બેની,
સાસુની બોલી કેમ ઝાયલી હો બેની,
વીરાની જોડી કેમ સોયડી હો બેની,
જેઠુંહનું જોડું કેમ ઝાયલું હો બેની,
બેનોની જોડી કેમ સોયડી હો બેની,
નનંદાનું જોડું કેમ ઝાયલું હો બેની,
આંબાની તુરી ડાળ નયમાં હો બેની

હરદીમાં બેઠાં બેની જુરે-જુરે રુવે રે,
શાનાં રે દુઃખો બેની જુરે-જુરે રુવે રે,
તમે શું જાનો બાપુ સસરાનો મેનાં રે,
તમે શું જાનો માળી સાસુનાં મેનાં રે,
તમે શું જાનો વીરા જેઠુંનાં મેનાં રે,
તમે શું જાનો બેનો નનંદાંનાં મેનાં રે,
હરદીમાં બેઠાં બેની જુરે-જુરે રુવે રે.

કોયલ બોયલી આંબાની ડાર રે,
કોયલ બોયલી મન રીયા હે,
બેની કેવું બાપુ વિના ઘડીના રમરે,
કોયલ બોયલી મન રીયા રે,
બેની કેવું માડી વિના ઘડીના રમ રે
કોયલ બોયલી મન રીયી રે,
બેની કેવું વીરા વિના ઘડીના રમ રે,
કોયલ બોયલી મન રીયા રે.
બેની કેવું ભાભી વિના ઘડીના રમ રે,
કોયલ બોયલી મન રીયા રે,
બેની કેવું બેનો વિના ઘડીના રમ રે,

કોયલ બોયલી મન રીયા રે,
કોયલ બોયલી આંબાની ડાર રે,
કોયલ બોયલી મન રીયા રે.

બેની ધુરની ઢગલીયે રમતેલાં,
બેની બાપુ તો લાડે લડાવતેલાં,
બેની સસરા તો શબદે રડાવશે રે,
બેની માતા તો લાડે લડાવતેલાં,
બેની સાસુ તો બોલીએ રડાવશે રે,
બેની વીરા તો લાડે હસાવતેલાં,
બેની જેઠુહ તો નયને રડાવશે રે,
બેની બેનો તો શબદે હસાવતેલાં,
બેની નનંદો તો શબદે રડાવશે રે.

લવિંગનો સોયે રે બેનીના વાયરા અંબોડા,
બાપુને છોડી મુકયા, સસરાને આંરી લીધા,
લવિંગના સોયે રે બેનીના વાયરા અંબોડા,
માતાને છોડી મુકીયા, સાસુને આંરી લીધા,
લવિંગના સોયે રે બેનીના વાયરા અંબોડા,
વીરાને છોડી મુકયા, જેઠુને આંરી લીધા,
લવિંગના સોયે રે બેનીના વાયરા અંબોડા,
બેનોને છોડી મુકયા, નનંદોને આંરી લીધા,
લવિંગના સોયે રે બેનીના વાયરા અંબોડા.

પ્રભાતીયાં ગીતો

મધ-મધ રાતનાં મરઘા બોલીયા,
ઉઠો હોરીડા હળ જોતરો,
સેડવું ચારોરાંની સીમ સે
ઓરવું તલને, તુવેર, મઠ, બાજરો,

ઉઠો ભતીયારી ભાત મોકલો,
ઉઠો પનીયારી પાંની મોકલો
મધ-મધ રાતનાં મરઘા બોલીયાં.

સોનાની શેરીએ રૂપાના તોલે,
એક તાંબી બેડલી બનાવો રે,
મેડીયે તે રચને બાપુ બોલાવે
કુંવરી સુવો કે જાગો,
અરધેલાં સુંવું ને અરધેલાં જાગુ,
મારે બાપે નીંદરે જગાડ્યા,
મેડીયે તે રચને માડી બોલાવે,
કઇ કુંવરી સુવે કે જાગે,
અરધેલાં સુવું ને અરધેલાં જાગુ,
મારી માડીએ નીંદરે જગાયડાં રે,
મેડીયે તે રચને વીરા બોલાવે
કઇ બેની સુવો કે જાગો,
અરધેલાં સુવુ ને અરધેલાં જાગું,
મારા વીરા નીંદરે જગાયડાં રે,
મેડીયે તે રચને બેનો બોલાવે,
કઇ બેની સુવો કે જાગે,
અરધેલાં સુવું ને અરધેલાં જાગું,
મારાં બેનીએ નીંદરે જગાયડાં રે.
સોનાની શેરીએ રૂપાનાં તોલે
એક તાંબી બેડલી બનાવો રે.
એકે પરભાતી વાજાં વાગી રહીયાં,
જાગો-જાગો રે બેનીના બાપુ કે,
કે પર ભાતી વાજાં વાગી રહીયાં,
સુતા રેજો રે સોરાંના બાપુ કે,
થોરીયાનું ડનગું વાગી રહ્યું,

એકે થોરીયાનું ડનગું વાગી રહીયુ,
જાગો-જાગો રે બેનીનાં માતા કે,
પરભાતી વાજાં વાગી રહીયાં,
એકે પરભાતી વાજાં વાગી રહીયાં,
સુંતાં રેજો રે સોરાંની માતા કે,
થોરીયાનું ડનગું વાગી રહીયું,
એકે થોરીયાનું ડનગું વાગી રહીયું,
જાગો-જાગો રે બેનીના વીરા કે,
પરભાતી વાજાં વાગી રહીયાં,
એકે પરભાતી વાજાં વાગી રહીયાં,
સુતા રેજો રે સોરાંના વીરા કે,
થોરીયાનું ડનગું વાગી રહીયું,
એકે થોરીયાનું ડનગું વાગી રહીયું.

શબ્દાર્થ : એકે-એક સમય કે પલ પરભાતી, પ્રભાતનો સમય- સૂર્યોદયનો સમય, વાજાં-ઢોલ, શરણાઇ વગાડવું, વાગી-વાગવું, સુતા - ઊંઘી(રહેવું)ઊંઘવું, રેજો-રહેવું, સોરાં-છોકરા થોરીયો-એક કાંટાવાળી વનસ્પતિ કે ઝાડ, ડનગું - કટકો.

માંડવા મુહુર્ત / જાનૈયાનાં ગીતો

ઊંચા મંડપ નીચે ચાલવું રે, મારે નાંનાં રંજનબેન,
આપના પિતાને કેમ છોડવું રે, મારે નાંનાં રંજનબેન,
પારકા સસરાને કેમ આંરવું રે, મારે નાંનાં રંજનબેન,
આપના માડીને કમ છોડવુ રે, મારે નાંનાં રંજનબેન,
પારકા સાસુને કેમ આંરવું રે, મારે નાંનાં રંજનબેન,
આપના વીરાને કેમ છોડવું રે, મારે નાંનાં રંજનબેન,
પારકા જેઠુહને કેમ આરવું રે, મારે નાંનાં રંજનબેન,

શબ્દાર્થ : ચાલવું-હરવું, ફરવું મારે, અમારા નાંનાં-વ્હાલા, આંરવું - અપનાવવું, પોતાના બનાવવા, માડી-માતા, જેઠુહ - જેઠ

નેસરો હીનાબેન માંયડેવે રે,
બેનો રે મારીયો કશુના લાવીયો
શું પેરી નિસરું માંયડેવે રે,
હામે કબાટે બે જોડી ચણીયા
તે પેરી નિસરું માંયડેવે રે,
માસીયો રે મારીયો કશુના લાવીયો,
શું પેરી નિસરું માંયડેવે રે,
હામે કબાટે બે જોડી સાડીયો,
તે પેરી નિસરું માંયડેવે રે,
નેસરો હીનાબેન માંયડેવે રે.

શબ્દાર્થ : નેસરો-નિકળો, માંયડેવે-મંડપમાં મારીયો, મારી કશુના -કંઈજ નહી, લાવીયો-લાવવું, પેરી-પહેરવું, હામે - સામે.

ઊંચા માંડવા રોચાવો નેચી ચકલી પડાવો મોરારાજ,
એમના મોમા તેડાવો, એમની માંમીઓ તેડાવો મોરારાજ,
લાડે ખોળે ભાંણેજ (પરણાવો) પૈયનાવો મોરારાજ,
એમની ફોયો તેડાવો, એમના ફુવા તેડાવો મોરારાજ,
લાડે ખોળે ભતરી જ પૈયનાવો મોરારાજ,
એમની માસીઓ તેડાવો, એમણા માહા તેડાવો મોરારાજ,
લાડે ખોળે ભાંણેજ પૈયનાવો મોરારાજ,
ઊંચા માંડવા રોચાવો નેચી ચકલી પડાવો મોરારાજ.

શબ્દાર્થ : રોચાવો - બનાવવું, બંધાવો, નેચી-નીચે, મોમા-મામા તેડાવો-બોલાવવું, આમંત્રણ આપવું, માંમી-મામી, લાડે-વ્હાલ સોયા, વ્હાલ,ા ભાંણેજ-ભાણેજ, પૈયનાવો-પરણાવવું, લગ્ન કરાવવા, ફોયો-પિતાની બહેનો, ભતરીજ-ભત્રીજ.

માટલી મુકુ સરોવરની પાર પારે પરદેશી લોકો આવીયા
બેન મારાં નાંનેડા પાંનીલાંના જઇશ, પારે પરદેશી લોકો આવીયા
બેન મારા નાંનેડા રમવાના જઇશ, પારે પરદેશી લોકો આવીયા
માટલી મુકુ સરોવરની પાર, પારે પરદેશી લોકો આવીયા

શબ્દાર્થ : નાંનેડાં-વ્હાલા / નાના આવીયા-મહેમાને આવવું, પધારવું, પાંનીલા-પાણી ભરવા .

બેની સેલ્લો વેલ્લો માંડવો વધાવી દીજો રે,
બેની સેલ્લો વેલ્લા બાપુન મલી લીજો રે,
બેની સેલ્લાં વેલ્લાં માતાન મલી લીજો રે,
બેની સેલ્લાં વેલ્લાં વીરાન મલી લીજો રે,
બેની સેલ્લાં વેલ્લાં બેનોને મલી લીજો રે
બેની સેલ્લો વેલ્લો માંડવો વધાવી દીજો રે.

શબ્દાર્થ : બેની-બહેન, સેલ્લો-અંતિમ, વધાવી-વધાવવું કે પુજવું મલી-મળવું, મળવા લીજો, લ્હાવો- તક.

કુંવરી સેટેથી જાંનૈયા તમારીયો, તરસેલીયો આવીયો રે,
કુંવરી તમારી જાંનૈયોને હારું કુંવલીયો ગોળાવો રે,
કુંવરી તમારી જાંનેયોને હારુ બેડુલાં ઘસાવો રે,
કુંવરી સેટેથી જાંનેયો તમારીયો ભુકેલીયો આવીયો રે,
કુંવરી તમારી જાંનેયોને હારું રસોયો મુકાવો રે.

શબ્દાર્થ : કુંવરી-કન્યા, સેટે-દૂરદૂરથી, તરસેલીયો-તરસી (પાણીની તરસ) આવીયો-આવવું, હારું -સારું, માટે કુંવલીયો-કુવો ગોળાવો-ખોદાવો, બેડુલાં-પાણી ભરવાના વાસણ, ભુકેલીયો-ભૂખી

માળી મારો વરગનીયે ઘાઘરો કુંવરી ચાલીયાં સાસરીયે,
માળી મારાં રચને વૈચારે કુંવરી ચાલીયાં સાસરીયે,
બેની મારાં પનીયારે બેડુલાં કુંવરી ચાલીયાં સાસરીયે,
બેની મારાં રચને વૈચારે કુંવરી ચાલીયાં સાસરીયે,

શબ્દાર્થ : માળી-માતા, મા વરગની-કપડાં સુકવવાની વળગણી, ઘાઘરો-ચણીયો, ચાલીયાં-જવું રચને, પછીથી વૈચારે-વિચાર કરવું.

નવસાને આવતાંના જોયું લાલે ગલાલી,
એમ જાંનતાં તેમ જાંનતાં (શેરી)
શેરીઓ વરાવતાં લાલે ગલાલી

એમ જાંનતાં તેમ જાંનતાં બેડુલાં
ઘસાવતાં લાલે ગલાલી,
એમ જાંનતાં તેમ જાંનતા,
બેડુલાં ઘસાવતાં લાલે ગલાલી,
એમ જાંનતાં તેમ જાનતાં,
પાંનીલા ભરાવતાં લાલે ગલાલી
એમ જાંનતા તેમ જાંનતા,
રસોયો બનાવતાં લાલે ગલાલી,
નવસાને આવતાં ના જોયું લાલે ગલાલી

પીસોડી પથરાવો લા વેવાય,
પીસોડી પથરાવો
પીસોડી ઉપર બેહોલી વેવાણો
પીસોડી ઉપર બેહો,
પીસોડી બગાયડીલી વેવાંણો,
પીસોડી બગાયડી,
નદીએ ધોવા જોલી વેવાંણો,
નદીએ ધોવા જો

શબ્દાર્થ : પીસોડી–એક જાતનું ધોતી જેવું વસ્ત્ર, બેહોલી – બેસવું વેવાંણા–વેવાણો જોલી, જાઓ– જવું.

વેવાય પોરુકો આવ–જાવ કરતેલો,
મારી ઓલ્લાની હાંકરીયો ઘહાય જેલીલા વેવાય,
હાંકરીયો ઘહાય જેલી,
મારી ચાની પેનીઓ ઘહાય જેલી,
વેવાય દિવાળીનો આવજાવ કરતેલો,
વેવાય પોરુડો આવ–જાવ કરતેલો

શબ્દાર્થ : પોરુકો–ગઈ સાલ કરતેલો, કરતા હતા, ઓલાલ – ઓટલા, હાંકરીયો–લીપણની સાંકળ જેવી ડિઝાઈન, ઘહાય–ઘસાઈ, સાફ જેલીલા–થઇ પેનીઓ–ચા મુકવાનું વાસણ.

કાચે કાચની રકાબી કાચે મઁરેલી,
આજે વિનાબેનના બાપુ એને રુવે સે,
આજે કુંવરી પૈયનાવું કાલે સાસરે વરાવું, (હાહરે)
તેમાં રુવે સે
આજે વિનાબેનના માડી એને રુવે સે,
આજે કુંવરી પૈયનાવું કાલે સાસરે (હાહરે) વરાવું,
તેમાં રુવે સે
આજે વિનાબેનના વીરા એને રુવે સે,
આજે બેની પૈયનાવું કાલે હાહરે વરાવું,
તેમાં રુવે સે,
આજે વિનાબેનના બેની એને રુવે સે,
આજે બેની પૈયનાવું કાલે હાહરે વરાવું,
તેમાં રુવે સે
કાચે કાચની રકાબી કાચે મઁરેલી

શબ્દાર્થ : મઁરેલી-મઠાવેલી એને, શા માટે રુવે-રડવું, પૈયનાવું - પરણાવવું, માડી-માતા, મા વરાવું-વળાવી દેવું.

ખુરશીના ચાર પાયા એક પાયો નથી રે,
એક પાયો નથી
નવસા તારી ચાર બેનો એક બેન નથી રે,
એક બેન નથી
નવસા તારી બેન ખોવાય ખબર છે કે નથી રે,
ખબર છે કે નથી,
કાગળમાં લખાય ગયું પેપરમાં સપાય ગયું,
ખબર છે કે નથી રે ખબર છે કે નથી,
નવસા તારા ચાર ભાઈબંધ એક ભાઈબંધ નથી રે,
એક ભાઈબંધ નથી,
નવસા તારો ભાઈબંધ ખોવાયો ખબર છે કે નથી રે,
ખબર છે કે નથી,
કાગળમાં લખાય ગયું, પેપરમાં સપાય ગયું,

ખબર છે કે નથી રે ખબર છે કે નથી.

સોપારીલાલ સાંકળલી, સોપારી લાલ સાંકળલી,
(સારા) હારાં લાંકીટ લાવશો, અમારાં બેન પરથે,
તમારે ઘેર શોભશે સોપારી લાલ સાંકળલી,
હારાં ઇરા લાવશો અમારાં બેન પેરશે,
તમારે ઘેર શોભશે સોપારી લાલ સાંકળલી,
હારાં ઝાંઝર લાવશો, અમારાં બેન પેરશે,
તમારે ઘેર શોભશે સોપારી લાલ સાંકળલી
સોપારી લાલ સાંકળલી

શબ્દાર્થ : હારાં–સારા, પેરશે–પહેરવું, આંકળલી–લાંકીટ– હાથમાં પહેરવાનું સોનાનું ઘરેણું, શોભશે –શોભા વધશે.

મારાં સંબંધીયાં વેવાય સમજણ પડે સે કે નય,
મારાં સંબંધીયા વેવાય કળુલાં લાયવા સો કે નય,
કપુલાં લાયવા સો કે નથ, કળુલાં ઓરખો સો કે નય,
મારાં સંબંધીયા વેવાય દોરા લાયવા સો કે નય
ઘેરા લાયવા સો કે નય, દોરા ઓરખો સો કે નય,
મારા સંબંધીયા વેવાય ઝાંઝર લાયવા સો કે નય,
ઝાઝર લાયવા સો કે નય, ઝાંઝર ઓરખો સો કે નય,
મારા સબંધીયા વેવાય મોરલી લાયવા સો કે નય,
મોરલી લાયવા સો કે નય, મોરલી ઓળખો સો કે નય
મારા સંબંધીયા વેવાય સમજણ પડે સે કે નય.

શબ્દાર્થ : સંબંધીયા–સગા વહાલાં, લાયવા–લાવવું સો–છો નય– ના, નથી, ઓરખો–ઓળખો, ઓળખવું.

રેવાસી ઘડુલીયો રે બેન્ને રેવા ઉતારી મેયલો,
બાપુનો અખોમણો રે બેન્ને રેવા ઉતારી મેયલો,
માડીનો અખોમણો રે બેન્ને રેવા ઉતારી મેયલો,
વીરાનો અખોમણો રે બેન્ને રેવા ઉતારી મેયલો,
ભાભીનો અખોમણો રે બેન્ને રેવા ઉતારી મેયલો,

બેનોનો સખોમણો રે બેન્રે રેવા ઉતારી મેયલો,

વલીયારો ડુંગર બેનીને વાલેરો લાગે,
આજે બાપુનાં કુંવરી કાલે સસરાંના વોવે
વલીયારો ડુંગર બેનીને વાલેરો લાગે,
આજે માડીનાં કુંવરી કાલે સાસુનાં વોવે,
વલીયારો ડુંગર બેનીને વાલેરો લાગે,
આજે વીરાંનાં બેની કાલે જેઠુનાં વોવે,
વલીયારો ડુંગર બેનીને વાલેરો લાગે,
આજે ભાભીનાં નંનદો કાલે જેઠાંનીનાં દેરાંની
વલીયારો ડુંગર બેનીને વાલેરો લાગે,
આજે બેનોનાં બેની કાલે નંનદોનાં ભાભી,
વલીયારો ડુંગર બેનીને વાલેરો લાગે.

શબ્દાર્થ : વોવે–વહુ, વાલેરો– પ્રેમાળ, માડીના–મા, માતા, નંનદો –નણદ, જેઠાંની–જેઠાણી.

બાપુનાં ઘરમાં ઘણાં કચરાં કાંમાં,
બાપુએ સાસરે વરાવી દીધાં બેની,
સસરાનાં ઘરમાં નથી કચરાં કાંમાં,
સસરાએ લાંકીટ પેરાવી દીધાં બેની,
માતાનાં ઘરમાં ઘણાં કચરા કાંમાં,
માતાએ સાસરે વરાવી દીધાં બેની,
સાસુનાં ઘરમાં નથી કચરાં કાંમાં,
સાસુએ દોરા પેરાવી દીધાં બેની
વીરાનાં ઘરમાં ઘણા કચરાં કાંમાં,
વીરાએ સાસરે વરાવી દીધાં બેની,
જેઠુનાં ઘરમાં નથી કચરાં કાંમાં,
જેઠુએ ઝાંઝર પેરાવી દીધાં બેની,
બેનોના ઘરમાં ઘણાં કચરાં કાંમાં,
બેનોએ સાસરે વરાવી દીધી બેની
નંનદોના ઘરમાં નથી કચરાં કાંમાં,
નંનદોએ સાડીઓ પેરાવી દીધાં બેની.

શબ્દાર્થ : ઘણાં-ખૂબ, વધારે, ક્યરાં-કરવું, કાંમાં-કામ, વરાવી- વળાવવું, પરણાવી દેવું, લાંકીટ-હાથે પહેરવાનું સોનાનું ઘરેણું, પેરાવી -પહેરાવવું, દોરા-ગળામાં પહેરવાનું ઘરેણું, ઝાંઝર-પગમાં પહેરવાનું ઘરેણું

સમજો તો સમજાવું નવસા મારાં બેન્ને દુઃખડાના દેજો,
પાણીલાં ભરવા પનીયારી તેડજો, મારાં બેન્ને દુઃખડાના દેજો
વાસીદાં વારવા વાસીદન તેડજો, મારાં બેન્ને દુઃખડાના દેજો
રસોઇ મુકવાર સોયન તેડજો, મારાં બેન્ને દુઃખડાના દેજો
વેની ગોઠવવા મંજુરન તેડજો, મારાં બેન્ને દુઃખડાના દેજો
સમજો તો સમજાવું નવસા મારાં બેન્ને દુઃખડાનાં દેજો.

બોલો મારા નવા જમાઇ હવે શું રહીયું બાકી રે, (૨)
પાંણી ભરવા બેડુ આયલુ હવે શું રહીયું બાકી રે, (૨)
રસોઇ મુકવા કુકર આયલું હવે શું રહીયું બાકી રે, (૨)
કપડાં મુકવા તિજોરી આયલી હવે શું રહીયું બાકી રે, (૨)
બોલો મારા નવલા જમાઇ હવે શું રહીયું બાકી રે.

પરણીયા પછી પારકેલાં બેની જાવો તમારે સાસરે,
બાપુના બંગલા છોડવા રે પડશે જાવો તમારે સાસરે,
સસરાની ઝૂપડી ઓરવી રે પડશે જાવો તમારે સાસરે,
પરણીયા પછી પારકેલાં બેની જાવો તમારે સાસરે,
હુંજુ રે બેની બા બંગલા મે બોલે
હજુ રે બેની બા બંગલા મે બોલે
બંગલા મે બોલે એમના પિતાને વૈચારે
હજુ રે બેની બા બંગલા મે બોલે,
બંગલામે બોલે એમના પિતાને વૈચારે
હજુ રે બેની બા બંગલા મે બોલે,
બંગલા મે બોલે એમના માંતાને વૈચારે
હજુ રે બેની બા બંગલા મે બોલે,
બંગલા મે બોલે એમના વીરાને વૈચારે,
હજુ રે બેની બા બંગલા મે બોલે,
બંગલા મેં બોલે એમની બેનોને વૈચારે,

હજુ રે બેની બા બંગલા મે બોલે,

લીલી તુવેર રાતુ ફુલરે વલીયારાં બેની,
આપણા માડીનો ઘણો લાડ રે વલીયારાં બેની,
પારકી સાસુનાં ઘણાં મેનાં વલીયારાં બેની,
આપના બાપુનાં ઘણો લાડ રે વલીયારાં બેની
પારકા સસરાનાં ઘણાં મેના રે વલીયારાં બેની,
આપણા ભાભીનો ઘણો લાડ રે વલીયારાં બેની,
પારકી જેઠાંણીનો ઘણાં મેનાં રે વલીયારાં બેની,
આપણાં બેનોને ઘણો લાડ રે વલીયારાં બેની,
પારકાં નંનદોનો ઘણાં મેનાં રે વલીયારાં બેની,
લીલી તુવેર રાતુ ફુલ રે વલીયારાં બેની.

સીધેરી ચોખો ચોખો નાંનો બાળ રે બેની નાંનાં બાળ રે,
દૈટાળો મે ઇજે સે,
સીઘેરી ચોખો-ચોખો નાંના બાળ રે બેની નાંનાં બાળ રે,
દૈટાળો મે ઇજે સે,
બેનીની સાસુ રોધણો મે દમ સે સીંધણો મે દમ સે
બેની નાંનાં બાળ રે દૈટાળો મે ઇજે સે,
બેનીની જેઠાંણી હોટલી ખુચી લેસે ટોપલી ખુચી લેસે,
બેની નાંનાં બાળ રે દૈટાળો મે ઇજે સે,
બેનીના પઇના જતાં પાટુ મુકશે વરતા પાટુ મુકશે,
બેની નાંના બાળ રે દૈટાળો મે ઇજે સે,
સીધેરી ચોખો-ચોખો નાંનો બાળ રે
ચોખો સરખો ચોખો જોયો રે ગોરાં બેન
ચોખા સરખો ચોખો ના મલે રે,
બાપુ સરખા સસરા જોયા રે ગોરાં બેન
પિતા સરખા સસરા ના મલે રે,
વીરા સરખા સસરા જોયા રે ગોરાં બેન,
વીરા સરખા જેઠુ ના મલે રે,

ભાભી સરખા જેઠાંણી જોયા રે ગોરાં બેન,
ભાભી સરખા જેઠાંણી ના મલે રે,
બેનો સરખા નંનદો જોયા રે ગોરાં બેન,
બેનો સરખાં નનદાં ના મલે રે.
ચોખા સરખો ચોખો જોયો રે ગોરાં બેન,
ચોખા સરખો ચોખો ન મલે રે.

પાવડર સાંટીને મૈયર બોવ ફરિયા રે, (૨)
હવે લાયગો ચુંદડીનો રંગ રે હિનાબેન,
હવે સોપોને મૈયર પારકા રે હિનાબેન,
પાવડર સાંટીને મૈયર બોવ ફરીયા રે
ઘળિયાર બાંધીને મૈયર બોવ ફરિયા રે,
હવે લાયગો ચુંડીલાંનો રંગ રે હિનાબેન,
હવે સોળોને મૈયર બોવ ફરિયાં રે
પાવડર સાંટીને મૈયર
ઓઢનો સોઢીને મૈયર બોવ ફરીયા રે
હવે લાયગો પાંનેતરનો રંગ રે હિનાબેન
હવે સોળોને મૈયર પારકા રે હિનાબેન
પાવડર સાંટીને મૈયર

શબ્દાર્થ: સાંટી-લગાડવું, મૈયર-પિતાનુંઘર,પિયર, બોવ-બહું, ખૂબ, સોળો-છોડીદેવું, બાંધીન-પહેરવું, ફરીયા-હરવું, ફરવું, લાયગો-રસ પડવું, ચુંડીલાં-લગ્ન વખતે પહેરાતાં કાચની બંગડીઓ તથા અન્ય.

ઓટીલા ઉપર બેઠાં રે બેની મનમાં વૈચારે, (૨)
બાપુ છોડીને બેઠાં રે બેની મનમાં વૈચારે,
સસરાં આંરીને બેઠાં રે બેની મનમાં વૈચારે,
માતા છોડીનેબેઠાં રે બેની મનમાં વૈચારે,
સાસુ આંરીને બેઠાં રે બેની મનમાં વૈચારે,
વીરા છોડીને બેઠાં રે બેની મનમાં વૈચારે,
જેઠું આંરીને બેઠાં રે બેની મનમાં વૈચારે,

ભાભી છોડીને બેઠાં રે બેની મનમાં વૈચારે,
જેઠાંણી આંરીને બેઠાં રે બેની મનમાં વૈચારે,
બેનો છોડીને બેઠાં રે બેની મનમાં વૈચારે,
નનદાં આંરીને બેઠાં રે બેની મનમાં વૈચારે,
ઓટીલા ઉપર બેઠાં રે બેની મનમાં વૈચારે.

શબ્દાર્થ : ઓટીલા – ઓટલો, વૈચારે – વિચાર કરવું, આંરીને– અપનાવવું, પોતાના બનાવવા.

ચુડીલાં પેરીને બેન્રે ચ્યાં જવું સે,
ઓઢણો સોઠીને બેન્રે ચ્યાં જવું સે,
મોટી આમરોલ તે ગામમાં સસરાં આંરેલા બેન્રે તય જવું સે,
માતા છોડીને બેન્રે ચ્યાં જવું સે,
મોટી આમરોલ તે ગામમાં સાસુ આંરેલા, બેન્રે તય જવું સે,
વીરા છોડીને બેન્રે ચ્યાં જવું સે,
મોટી આમરોલ તે ગામમાં જેઠું આંરેલા બેન્રે તય જવું સે,
બેનો છોડીને બેન્રે ચ્યાં જવું સે,
મોટી આમરોલ તે ગામમાં નંનદાં આરેલાં, બેન્રે તય જવું સે.

શબ્દાર્થ : ચુડીલાં–લગ્નની પૂર્વ તૈયારી માટેના અલંકારો, પેરીને – પહેરવું તે, આંરેલાં – અપનાવેલાં, પોતાના બનાવેલા, ચ્યાં – ક્યાં,

પીઠી ચોરીને પીળા થયા મારાં બેન,
પાયલેવડો ઊડી ઊડી જાય, (૨)
સસરાને કમ કરી બોલશો મારાં બેન,
પાયલેવડો ઊડી ઊડી જાય, (૨)
સસરાને બાપુ કરી બોલજો મારાં બેન,
પાયલેવડો ઊડી ઊડી જાય, (૨)
સાસુને કેમ કરી બોલશો મારાં બેન,
પાયલેવડો ઊડી ઊડી જાય, (૨)
સાસુને માતા કરી બોલજો મારાં બેન,
પાયલેવડો ઊડી ઊડી જાય, (૨)

દિયરને કેમ કરી બોલશો મારાં બેન,
પાયલેવડો ઊડી ઊડી જાય, (૨)
દિયરને વીરા કરી બોલજો મારાં બેન
પાયલેવડો ઊડી ઊડી જાય, (૨)
નનદાંને કેમ કરીને બોલશો મારાં બેન,
પાયલેવડો ઊડી ઊડી જાય, (૨)
નનદાંને બેની કરી બોલજો મારાં બેન,
પાયલેવડો ઊડી ઊડી જાય.

પલે પલે આંબો માંરશે વગર પલે ના માંરે રે,
વારે-તિવારે વીરા બોલાવહે બધા દાડા ના બોલાવે,
લગન પરસંગે બેનો મલશે બધા ઘડા ના મલે રે,
પલે પલે આંબો માંરશે વગર પલે ના માંરે રે.

શબ્દાર્થ : પલે-પલે – સમયે-સમયે, માંરથે – આંબાના મ્હોર આવવું તે, વારે-તિવારે – તહેવારો, બોલાવહે – બોલાવશે, તેડાવશે, લગન – લગ્ન, શુભ વિવાહ, પરસંગ – પ્રસંગ, મલશે – મળવું, ભેગા થવું, દાડા – દિવસ

આંબાનો છાંયો બેન્ને, આંબલીનો છાંયો બેન્ને,
છાંયો મૂકીને બેન્ને ચ્યાં જવું સે,
પિતાનો લાડ બેન્ને, માતાનો લાડ બેન્ને
લાડ મૂકીને બેન્ને (કઇ) ચ્યાં જવું સે,
વીરાનું જોડું બેન્ને, ભાભીનું જોડું બેન્ને
જોડું મૂકીને બેન્ને ચ્યાં જવું સે,
વિપીનભાઈનું જોડું બેન્ને, મનહરભઇનું જોડું બેન્ને,
જોડું મૂકીને બેન્ને ચ્યાં જવું સે,
વનસાબેનનું જોડું બેન્ને, દક્ષાબેનનું જોડું બેન્ને,
જોડું મૂકીને બેન્ને ચ્યાં જવું સે,
આંબાનો છાંયો બેન્ને, આંબલીનો છાંયો બેન્ને
છાંયો મૂકીને બેન્ને ચ્યાં જવું સે.

શબ્દાર્થ : છાંયો – છાંયડો, બેન્ને – બહેન, ચ્યાં – ક્યાં. લાડ – વહાલ

હોળીના ગીતો

ગુજરાતમાં ઘણા બધા ધાર્મિક તથા રાષ્ટ્રીય તહેવારોનું ખૂબ જ મહત્વ છે અને હાલમાં આ બધા તહેવારોને ધામધુમથી ઉજવવામાં આવે છે. અને કોઇ-કોઇ તહેવારોમાં ખાવાની વાનગીઓ, મીઠાઇઓ તથા અન્ય બનાવવામાં આવે છે.
જેમાં વડોદરા જિલ્લાના પૂર્વપટ્ટી-વિસ્તારના રાઠપ્રદેશના આદિવાસી સમાજના લોકોના મુખ્ય તહેવારો ગણીએ તો તે ઘણા ઓછા કહી શકાય તેટલા છે. જેમ કે ઉજાણી-દિવાસો, દિવાળી-દશેરો, હોળી વગેરે ઘણા બધા તહેવારોની ઉજવણી કરવમાં આવે છે. તેમાં આદિવાસી સમાજનો મુખ્ય તહેવાર હોળી છે. જે આદિવાસી લોકો ધામધુમથી ઉજવે છે. આ હોળીનો ઉત્સવ ફાગણ માસમાં પૂનમની રાત્રે ઉજવાય છે અને હોળીના તહેવારમાં જ્યારે આદિવાસીઓ ચોમાસું અને શિયાળું ઋતુમાં ઘરની ખેતીના કામોમાંથી પરવારી જઇને પછી મજુરી કરવામાટે બહારગામ જવું પડે છે. અને પોતાના પરિવારને ઘરે અથવા સાથે લઇ જાય છે. પછી જ્યારે હોળીના દિવસોમાં નવા-નવા કપડાંથી સજી-ધજી ને એક બીજાને મળવાની તાલાવેલી સાથે ઘરે આવતા હોય છે ત્યારે આ હોળીનો તહેવાર ખૂબ જ ધામધુમથી ઉજવવામાં આવે છે. અને તે આદિવાસીઓનો મુખ્ય તહેવાર ગણવામાં આવે છે.

હોળીના હલવાં તથા ગીતો :

લાકડાં લેવા જેલી ભારાનો હેલો લાયગો રે,
પાંણી મેનો વેલો દાતેળે વળાયો રે લોલ,
પાંણી લેવા જેલી બેડાનો હેલો લાયગો રે,
પાંણી મેનો વેલા દાતેળે વળાયો રે લોલ.
હોળીનો હલવો રમે રે ઓ મારી જોડી રે,
હોળીનો હલવો રમે રે લોલ,
રૂમાલ સેટી લીધી ને સેટાં પચળાં રે ઓલી જવાનડી,
ઓ ભૂડી સેટી લીધી ને સેટાં પચળાં રે લોલ,
જતાં રેશું ને શું ખાશું રે ઓલી જવાનડી,
ઓ ભૂડી જતાં રેશું ને શુચે ખાશું રે લોલ
જતાં રેવાની વાતો કરે રે સોલી જવાનડી,

ઓ ભૂડી જતાં રેવાની વાતો કરે લોલ.
હોળીનો હલવો રમે રે ઓ મારી જોડી રે,
હોળીનો હલવો રમે રે લોલ.

શબ્દાર્થ : જેલી – ગયલી, હેલો – ભાર, લાયગો – લાગ્યો, પાંણી – પાણી, મેનો – અંદર, દાતેળે – દાતરડું, વળાયો – કપાયો, બેડા – પાણી ભરવાના બેડાં.

પ્રસ્તુત આ ગીતમાં ફાગણ માસના હોળીના પ્રસંગે કે તહેવારો વખતે આવા ગીતો લોકો ગાતા હોય છે અને ફાગણ માસના દિવસોમાં ગામડાનાં આદિવાસીઓ તથા ખેડૂત કુટૂંબો મંજુરી અર્થે બહાર ગયેલા હોય છે. તે પણ પોતાને ઘરે આવી ગયેલા હોય છે. અને એકબીજાને મળીને મજા કરતા હોય છે. અને આવા સમયે હોળીના પ્રસંગને અનુરુપ ગીતો ગાતા હોય છે.

આમ આ ગીતમાં અનેક એવા સંવાદો દ્વારા એકબીજાના વ્હાલના શબ્દોથી સંબંધો–લાગણીઓને અભિવ્યક્ત કરે છે. અને એ લાગણીઓના ભાવોને વાચા આ ગીતમાં આપેલી છે. અને હલવો ગાતાં કહે છે કે ચાલો આપણે હોળીના હલવો કે ગરબો રમવા જઇએ. અને રૂમાલ–સેટી લીધી અને પછી હવે એકબીજાથી વિખુટા પડી ગયા એટલે હે જવાનડી કે આમ કેમ ? અને કહેવામાં આવે છે કે જતાં તો જતા રહીએ પરંતુ ત્યાં જઇને શું ખાશું . તો જતા રહેવાની વાત કેમ કરીને કરે છે. અને તને કઇ જ વિચાર નથી આવતો. ખાવા–પીવાનો અને **અહીયાથી દૂર જવાની વાત કરે છે.**

આયવો પૂનમીયો મેળો રે ઓલી જુવાનડી,
ઓલી સોરી આવ્યો પૂનમીયો મેળો રે લોલ
મેળે જશું ને શું એ ખાશું રે ઓશેલી જવાનડી,
મેળે જશું ને શું ખાશું રે લોલ,
જૂનલી જવાર દરી દેશું રે ઓ શેલ જવાનડી
ઓ સોરી જુનલી જવાર દરી લેશું રે લોલ
તારો ટેકોને મારો પૈસો રે ઓ શેલી જુવાનડી
ઓ સોરી તારો ટેકોને મારો પૈસો રે લોલ,
ટકા પૈસાની બરફી લેશું રે સોલી જુવાનડી
ઓલી સોરી ટકા પૈસાની બરફી લેશું રે લોલ.

રસદર્શન : ઉપયુક્ત આ ગીતમાં એક પ્રેમી યુગલની વાત કરવામાં આવી છે અને આ ગીત દ્વારા આવનાર પૂનમના મેળામાંથી ભેગા થયા પછી ત્યાંજ ભાગી જવાની વાત કરે છે. એનું વર્ણન આ ગીતમાં કરવામાં આવ્યું છે.
આ ગીતમાં ખૂબ જ સરસ એવુ વર્ણન એક પ્રેમી યુગલો કે પ્રેમી-પંખીડાઓની વાતો તેઓ ફાગણ મહીનાઓમાં થતાં મેળાઓમાં એકબીજાને મળીને જણાવે છે. તેઓ બંને આવતા પૂનમના મેળામાં મળીશું. અને હે જવાનડી તું પણ ત્યા આવજે પછી સામે જુવાનડી કહે છે કે હે જુવાન આપણે જઇશું તો ખરા પરંતુ ત્યા જઇને એટલે કે મેળામાં જઇને શું શું ખાશું એવુ પેલ જુવાન કહે છે આપણે સાથે ગરે પડેલ જુની જુવાર ને દળાવી દેશું. એટલું જ નહી પરંતુ તારો ફક્ત ટેકો એટલો જ હશે તો પણ મારાને તારા વચ્ચે ઘણું થઇ ગયું તો હે જવાનડી તું વિચારાને કહેજે કે મેળામાં જઇશું એટલું જ નહી ત્યાં જઇને ટકા પૈસાની બરફી લઇને ખાવાની વાત આ ગીતમાં અભિવ્યક્ત કરવામાં આવી છે.

આયવો અમરોલીયો મેળો રે ઓલી જવાનડી,
ઓલી સોરી આયવો અમરોલીયો મેળો રે લોલ.
ચંગડોલ મે બેઠી બેઠી રડે રે ઓલી જવાન ડી,
ઓલી સોરી ચંગડોલ મે બેઠી બેઠી રડે રે લોલ
ચંગડોલિયું ચુઇ ચુઇ બોલે રે ઓલી જવાનડી
ઓલી સોરી ચંગડોલિયું ચુઇ ચુઇ બોલે રે લોલ,
તારો ને મારો જોડો લાયગો રે સોલી જવાનડી,
ઓલી સોરી તારો ને મારો જોડો લાયગો રે લોલ,
પાંનાં ખાધાંને માયા લાયગી રે ઓલી જવાનડી
ઓલી સોરી પાંનાં ખાધાંને માયા લાયગી રે લોલ,
મેરા મે ફ્રી ફ્રી થાયકાં રે ઓલી જવાનડી,
ઓલી સોરી મેરા મે ફ્રી ફ્રી થાયકાં રે લોલ,
નાસી જવાની વાતો કરે રે ઓલી જવાનડી,
ઓલી સોરી નાની નાસી જવાની વાતો કરે રે લોલ,
આયવો સમરોલીયો મેરો રે ઓલી જવાન ડી,
ઓલી સોરી આયવો સમરોલીયો મેરો રે લોલ

રસદર્શન : પ્રસ્તુત આ ઉપરના આદિવાસી લોકગીતમાં હોળીના તહેવાર તથા ફાગણ

મહિનાના મેળાઓની વાતને અહીં રજૂ કરવામાં આવી છે. જેમાં વડોદરા જિલ્લાના પાવી-જેતપુર તાલુકાના આદિવાસી વિસ્તારમાં આવેલ મોટી આમરોલ ગામમાં હોળીના ત્રીજા દિવસે ભરાતા મેળાનું વર્ણન આ ગીતમાં કરવામાં આવ્યું છે.

આ આદિવાસી લોકગીત પૂર્વપટ્ટી વિસ્તારના વડોદરા જિલ્લામાં આવેલા રાઠ પ્રદેશ નામે ઓળખાતા આ વિસ્તારના આદિવાસી લોકો ફાગણ મહીના ઉજવાતા હોળીના તહેવાર વખતે તથા મેળાઓના દિવસોમાં આવા લોકગીતો ગવાતા હોય છે. જેમ કે આ મોટી આમરોલ ગામમાં ભરાતા મેળાનું (ગેસીયા) નામના મેળાનું વર્ણન આ ગીતમાં કરવામાં આવ્યું છે. અને આ ગીતમાં એક નાયક નાયિકાની સંવાદયુક્ત વાતોનું વર્ણન થયેલું છે. અને નાયક નાયિકાને ઉદ્દેશીને કહે છે કે હે જવાન અમરાલીયો મેળો પણ આવી ગયો છે. તેથી તે મેળામાં જઇ રહેલાં નાયક નાયિકા આનંદ વિભોર બની ગયા હોય છે. અને તે મેળામાં ચગડોળમાં બેસીને રડી રહેલી નાયિકા અને એનો ચગડોળનો અવાજ ચુઇ ચુઇ આવે છે. તથા એકબીજા સાથેનો માયાવી પ્રેમ મેળામાં પાના ખાવાથી લાગેલી માયા પ્રેમ અને પછી ત્યાંથી બંને ભાગી જવાની વાતોનું વર્ણન વગેરે ખૂબજ સરસ વર્ણન આ ગીતમાં કરવામાં આવ્યું છે. આમ આ લોકગીતમાં નાયક-નાયિકાના પ્રણય સંબંધોને દર્શાવતું વર્ણન આ ગીતમાં થયેલું છે.

ઊંચી સિમેલી સીમરું હો સાય, ભાઇ,
સિમેરે રાતુ ફુલ (૨)
આયો મેરો મેરો મોરા ભયનો મેરો,
સિમેરે રાતુ ફુલ
મેરો મેરો મારે મહેશ ભયનો મેરો સીમેરે
રાતું ફુલ,
મેરો મેરો મારે કઇ ભાભીનો મેરો,
સીમેરે રાતુ ફુલ,
મેરો મેરો મારે પ્રેમિલાભાભીનો મેરો,
સીમેરે રાતું ફુલ,
ઊંચી સિમેલી સીમરું હો સાય, ભાઈ,
સિમેરે રાતું ફુલ.

પ્રસ્તુત આ ગીતમાં ફાગણ મહિનામાં દરેક વૃક્ષોના પાનો પડી ગયેલા હોય છે એટલે તે વખતે ફક્ત સીમળો નામના વૃક્ષને એકલા ફુલ આવ્યા હોય છે ત્યાર બાદ

એના ફુલમાંથી નીકળતા લાલ-પીળા રંગોની સાથે લોકોના એક-બે રંગી વસ્ત્રોથી સજી-ધજીને મેળાનો આનંદ માણવા નીકળેલા સૌ ભાઈ-ભાભીને સરખાવવામાં આવ્યા છે.

આ ગીત માં હોળીના દિવસો દરમ્યાન સૌ કોઇ આદિવાસી લોકો મંજુરી અર્થેથી પાછા ફરતા હોય છે. ત્યારે સાથે નાના-બાળકો પત્ની તથા એવા અનેક કુટુંબ-પરિવારો પોતાના ઘરે કુટુંબ-સમાજને મળવા માટે ઉત્સુક હોય છે. એટલું જ નહી હોળીનો મુખ્ય તહેવાર હોવાથી નવા-નવા રંગ-બેરંગી વસ્ત્રો પહેરીને સૌ લોકો ઘરે આવેલા હોય છે. ત્યારે એકબીજાને મળીને ખૂબજ આનંદ ઉલ્લાસમાં હોય છે. તેવા સમયે મેળાઓમાં જવાની અને ત્યાં હરવા ફરવાની મજા લેવાની વાતોને અહી વાચા આપવામાં આવી છે.

આમ આ ગીતમાં આદિવાસી લોકો જ્યારે મંજુરી માટે બહાર ગામથી હોળી કરવા માટે પાછા ફરે છે ત્યારની વાત આ ગીતમાં વર્ણવી છે. જે આપણને ખૂબજ એવું વર્ણન આ ગીતમાં થયેલું જોવા મળે છે.

ચકલી લીલીને ચીરી રે ચકલી તપે ચડે રે,
ચકલી કયા ભયની સારી રે ચકલી તપે ચડે રે,
ચકલી કમલેશ ભયની સારી રે ચકલી તપે ચડે રે,
ચકલી સોનલબેનને સારી રે ચકલી તપે ચડે રે,
ચકલી લીલીને પીરી રે ચકલી

આ લોકગીત એ એક હોળીના તહેવારના સમયે એટલે કે ફાગણ મહિનાની ગરમી, તડકાના દિવસોની વાત આ ગીતમાં કરવામાં આવી છે.

જ્યારે તે વખતે ફાગણ મહિનામાં પશુ-પક્ષીઓ અને માણસો તાપ અને ગરમીથી ત્રાસી ગયેલા હોય છે તે વખતે ચકલી નામનું પક્ષી એની મોજ-મજામાં આમતેમ ઊડી રહ્યું હોય છે અને લાલ પીળા રંગની ચકલી તે જાણે તપે ચડી હોય તેમ ઝાડના છાંયડામાં ડાળોમાં ફર્યા કરે છે. એ દ્વારા આવું ચકલીના ચાળા કોને સારા લાગે છે કે જેણે ખૂબજ વ્હાલી હોય ત્યારે કહેવામાં છે કે અમારા ભાઈશ્રી કમલેશભઇને આવુ બહું જ ગમતું હોય છે. એટલું જ નહી પરંતુ સાથે-સાથે એમના વહુ કે ભાભી કે જેમના ધર્મપત્ની શ્રીમતી સોનલબેનને પણ ખૂબ જ સારું લાગે છે. આમ આ ગીતમાં એક હોળીના તહેવારોની સાથે ગીતો ગવાતા હોય છે.

બાર-બાર મહીને આયવા રે હોળી માતા પરદેશડા,
ફુલાનો રસ લાયવા રે હોળી માતા પરદેશડા,
ચીહુડીયો રસ લાયવા રે હોળી માતા પરદેશડા,
નવ-બેરંગી માણહાં લાયવા રે હોળી માતા પરદેશડા,
ખજુરનો રસ લાયવાં રે હોળી માતા પરદેશડા,
બાર બાર મહીને આયવા રે હોવી માતા પરદેશડા.

શબ્દાર્થ : બાર-બાર – એક એક વર્ષ, આયવા – આવવું, પધારવું, ચહુડીયો – ખાખરના ઝાડના ફૂલ, પરદેશડા – વિદેશી, ફુલાં – ફુલ, લાયવા – લાવવું, માંણહાં – માણસો.

પ્રસ્તુત આ લોકગીત એ ઉનાળા ગરમી, તાપ-તડકાના દિવસો એટલે હોળીના, એ ફાગણ માસ હોય છે. અને એ માસમાં જ આપણા હિન્દુ અને આદિવાસીસમાજના લોકોનો તહેવાર એટલે હોળી. એટલે એની વાત આ ગીતમાં થયેલી છે.

આ ગીતમાં એવું કહેવામાં આવ્યું છે અને તે પણ હોળી માતાને ઉદ્દેશીને કાલ્પનીક તો નહી જ પરંતુ વાસ્તવિકતા નજરે પડે છે. અને કહેવામાં આવ્યું છે કે હે હોળી માતા તમો આપ દરરોજ નહી પરંતુ બાર બાર માસમાં એક જ વાર અને તે પણ પાનખર ઋતુના દિવસો કે જે ફાગણ માસ આવે છે. ત્યારે તે ઝાડો, વૃક્ષોના પાન બધા ખરી ગયેલા હોય છે. ઉપરાંત કેટલાક વૃક્ષો જાણે નવી નવી કૂંપળો અને પાનના આવવાથી જાણે નવા વસ્ત્રો પહેર્યા હોય તેમ નજરે પડે છે. એટલુજ નહી ફુલોનો નવો મધુર રસ પણ મહેકી ઉઠે છે અને જેમ ખાખરાના ઝાડના ફુલો કે જે કેસૂડાંની જેમ લોકો પણ રંગ-બેરંગી નવા વસ્ત્રો પહેરીને આવે છે અને ખજુર પણ લાવે.

સરકારી નાંતરાં મોકલો રે
ભાયનો આંબો, વેળાયવો રે,
ગામના પટેલ વેલા આવજો રે
ભાયનો આંબો વેળાયવો રે,
ગામનો સરપંચ વેલા આવજો રે,
ભાયનો આંબો વેળાયવો રે,
ગામનાં પૂજારાં વેલા આવજો રે,
ભાયનો આંબો વેળાયવો રે,

સરકારી નાંતરા મોકલો રે
ભાયનો આંબો વેળાયવો રે.

શબ્દાર્થ : નાંતરાં - આમંત્રણો, ભાયનો-ભાઇનો, આંબો- આંબાની કેરી, વેળાયવો - પડાવવી, પટેલ - ગામનાં આગેવાન પટેલ, વેલાં - વહેલાં, પૂજારાં - ગામે નીમેલા વિધી કરનાર પૂજારાં.

આ લોકગીતમાં હોળીના તહેવાર વખતે દરેક લોકો હોળીનો ઉત્સવ કે તહેવાર ખૂબ જ ધામ-ધૂમથી ઉજવવામાં આવે છે. ત્યારે તે વખતે હોળી માતાના પૂજન વિધી માટે તે વખતે અનેક પૂજન વિધીઓ કરવામાં આવે છે ત્યારે ગામના સૌને આમંત્રણ આપવાની વાત આ ગીતમાં કરવામાં આવી છે.

આ ગીતમાં સરસ એવી આમંત્રણ કે નોતરા પહોંચતાં કરવા કે જેથી કરીને ગામના આગેવાનો સરપંચો, પટેલો, અને પૂજારાંઓને ખબર પડે કે હવે હોળીના દિવસો આવી ગયા છે. તો ગામમાં દરેક દેવોની યાદ તાજી થાય તે માટે એમણે પૂજવા માટે તથા ગામના અન્ય પ્રશ્નો કે ગામની જવાબદારીઓને અદા કરવાની જાણ થાય તે માટે ગામના દરેકને હવે આમંત્રણો પહોચતાં કરો.ગામના આગેવાન કે વડીલ એવા સરપંચશ્રીને પણ આમંત્રણ આપો. કે હવે હોળીના દિવસો આવી ગયા છે. તો હવે આપણે શું શું કરવાનું છે. તો એના માટે બીજા ગામના પોલીસ પટેલ આગેવાન તથા બીજા એવા ગામના પૂજારાં કે જે દેવોની સેવા કે ચાકરીની પૂજા કરે છે. એ સૌને બોલાવો અને આવી રહેલ હોળીના તહેવારની તૈયારી શરૂ કરી દો.
આમ આ હોળીના લોકગીતમાં ગામમાં કરવાનો આવતી હોળી માતાની તૈયારી વિશે તથા ગામના અનેક એવા પ્રશ્નોની છટાવટ કરવામાટે ગામના સૌને આમંત્રણ દ્વારા પધારવાની વાત આ ગીતમાં પ્રસ્તુત કરવામાં આવી છે.

કુંવારીયોની બાધા (માન્તાં) ના ગીતો :

કુંવરી રાંણી પુછે રે ઈદીરાજ કો હેરે જેલાં,
જેલાં રે જેલાં મોટાનાં પાંનગે રે જેલા,
લાયવા રે લાયવા લાકેડાની કાવેળો રે લાયવા,
કુંવરી રાંણી પુછે રે ઈદીરાજ કો હેરે જેલા,
જેલા રે જેલા મોટાનાં પાંનગે રે જેલા.
લાયવારે લાયવા કુંકડલાંની કાવેળો રે લાયવા,

બળવો રે કે મારી ભલી રે ચતુરાઇ,
લાંઘેણાંની ફ્વેળાઇ,
બાંધણીયાં કે મારી બડી ચતુરાઇ,
બડવાંની ફુવેળાઇ

શબ્દાર્થ : ઈદીરાજ – ઇન્દ્રરાજા, રાંણી – રાણી, કો – ક્યાં, હેરે – હરી-ફ્રી, જેલાં – જવું, મોટાનાં – વડીલ એવા, પાંનગે – માંનતા, બાધાની વિધી, બોકળા – બકરા, કાવેળા, કુંકડલાં – મરઘાં, બળવો – ભગત કે ભૂવો, ચતુરાઇ – બુદ્ધિ , આવડત, લાંધણીયા – લૂડાં, સહેલીઓ ભાઇ બહેનો.

કુંવરી રાંણી રે વડુલાંની છાંયે,
કુંવરી અખાડો બાંયધો વેગરો,
કુંવરી રાંણી ઢેબરીયાંની છાંયે,
કુંવરી અખાડો બાંયધો વેગરો,
કુંવરી રાંણી માટલીયાંની છાંય,
અખાડો બાંયધો વેગરો,
કુંવરી રાંણી માટલીયાંની છાંપ,
કુંવરી રાંણી લાંધણીયાંની છાંય,
અખાડો બાંયધો વેગરો,
કુંવરી રાંણી રે વડુલાંની છાંપે,
કુવરી અખાડો બાંયધો વેગરો.

શબ્દાર્થ : વડુલાં – વડનું ઝાડ, છાંટો – છાયડો, અખાડો – બધુ રાખવાની જગ્યા, બાંયધો – બાંધવું, બનાવવું, વેગરો – બાજુમાં, જુદો, ઢેબરીયા – અડદના વડા, ઢેબરા, માટલી – ઘડો, લાઘણીયાં – કુંવરીના સહેલા /મિત્રો

એવી એવી માંનતા રે ચીયે બળવે લીધી,
એવી-એવી માંનતા રે સકુલે બળવે લીધી,
બોકેડે માંયનાં ને કુકડે છૂયટાં,
એવી-એવી માંનતાં ચીયે બડવે લીધી,
એવી-એવી માંનતા રે રઘલે બળવે લીધી
પીઠોરે માંયના ને બોકેડો છૂયટાં,
એવી-એવી માંનતા ચીયે બડવે લીધી.

શબ્દાર્થ : માંનતા – (આશા, શ્રદ્ધા) બાધા, ચીયે – કયો, બળવે – ભૂવો, બોકડે – બકરા, કુકડે – મરઘાં, રછલો – ભૂવાનું નામ, છૂયટાં – છોડવવું.

એવો બડવો ડેકી દાર બપોરે હારો વધાવે,
એવો બડવો ડેકી દાર બપોરે હારો મંગાવે,
એવો બડવો ડેકી દાર બપોરે હારો વધાવે,
આંસે કાજાંરા રે કુંવરાજ હાંનાં કાંજોરાં રે,
માતાનાં મેનાં કુંવરાજ હાંના કાજોરાં રે,
પિતાના મેનાં કુંવરાજ હાંનાં કાજોરાં રે,
સારીયોનાં મેનાં કુંવરાજ હાંનાં કાજોરાં રે,
સારોનાં મેનાં કુંવરાજ હાંનાં કાજોરાં રે,
આંસે કાજોરાં રે કુંવરાજ હાંનાં કાંજોરાં રે.

શબ્દાર્થ : આંસે – આખે, કાજાંરાં – કાજળ, કુંવરાજ – કુંવર, હાંનાં – શેનાં, મેનાં – મ્હેણાં, ટાંણાં,

ઉપસંહાર : આમ આપણુ ગુજરાતી લોકસાહિત્ય ઘણું બધું વિશાળ છે. એમાં વ્યક્ત થયો તત્કાલીન સમાજજીવનનો આનંદ - ઉલ્લાસ, લોકોના જીવનનો રસ, ગુજરાતી સમાજ–સંસારનું વાસ્તવિક ચિત્રલેખન તથા અન્ય રસ પમાડે તેવા અંશોનો ખ્યાલ બતાવે છે.

આમ ગુજરાતી સાહિત્યનો ઘણો-બધો વિકાસ થયેલો છે ગદ્ય સાહિત્યમાં નવલકથા, નાટક, રોજનીશી, આત્મકથા વેગેરે અનેક ક્ષેત્રે વિશાળ સાહિત્ય સર્જન થયેલું છે. જ્યારે પદ્ય સાહિત્ય પ્રકારમાં પણ મધ્યકાળથી જે સાહિત્ય સર્જન અવિરત રહ્યું છે. પરંતુ ગુજરાતી સાહિત્યના લોકસાહિત્યમાં જોઇએ તેટલો વિકાસ થયો નથી. ગુજરાતી લોકસાહિત્યમાં સૌપ્રથમ સૌરાષ્ટ્ર વિસ્તારના રાષ્ટ્રીય શાયરનું બિરુદ મેળવનાર શ્રી ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યના વિકાસમાં મહહત્વનો ફાળો આપ્યો છે. અને તેઓ સૌરાષ્ટ્ર વિસ્તારની લોકગાથાઓ, લોકકથાઓ, દુહા-છંદ, ચારણ સાહિત્ય વગેરેનું સાહિત્યમાં પ્રકાશનો દ્વારા પ્રકાશિત કર્યો છે. અને આમ ગુજરાતી સાહિત્યમાં લોકસાહિત્યક્ષેત્રે લખવાની પ્રેરણા અને બળ આપનાર શ્રીઝવેરચંદ મેઘાણીએ આપણા માટે ખૂબ જ આર્શિવાદરૂપ છે.

બીજુ કે ગુજરાતી લોકસાહિત્યમાં અગાઉ થોડા વર્ષો પહેલાંથી આ છોટાઉદેપુર વિસ્તારના શ્રી શંકરભાઈ સોમાભાઈ તડવી પણ આપણને લોકસાહિત્યના પ્રકારને

જુદા જુદા સ્વરૂપે પુસ્તકોમાં પ્રકાશિત કરીને આપણા આદિવાસી સમાજની સંસ્કૃતિ પરંપરાને ધ્યાનમાં લઇને આદિવાસીની પરંપરા લોકરીત, રૂઢિઓ, રહેણી-કરણી, વિધીઓ, તથા સંસ્કૃતિનું દર્શન કરાવતા પોતાની લેખન કાર્યપ્રવૃત્તિને વેગ આપ્યો છે. અને તેથી ગુજરાતી લોકસાહિત્યમાં આદિવાસી લોકગીતોનું પણ એટલુ જ મહત્વનું રહેલું છે અને તેથી કરીને તત્કાલીન આદિવાસી સમાજ પોતાના આ મૌખિક કે લોકસાહિત્યને પોતાના જીવન સાથે એકબીજાના પૂરક બનીને અવિરત પણે ચાલ્યા કરે. અને આમ ગુજરાતી લોકસાહિત્ય /મૌખિક સાહિત્ય એ આજના આધુનિકયુગ લેખિત સાહિત્યને મળેલો અમુલ્ય ખજાનારૂપ વારસો છે.

G G G

માહિતીદાતાઓ, નામોની યાદી

પ્રસ્તુત પ્રોજેક્ટ રિપોર્ટ કે શોધ (સંશોધન) નિબંધ સ્વરૂપે લખવાની તક મળી તથા એ તકને વધુ દઢ બનાવવામાં ખૂબ જ મદદરૂપ બનનાર એવા કેટલાક માહિતીદાતાઓની યાદી એટલે કે નામો નીચે મુજબ છે.

૧. ઉજાણી-દિવાસાના ગીતો :

રાઠવા કપિલાબેન કાલિદાસ

મુ. પો. મોટી આમરોલ, તા. પાવી-જેતપુર, જિ. વડોદરા

૨. હોળીના તહેવારના ગીતો અને કુંવારીઓની બાધાના ગીતો :

રાઠવા નંદાબેન ઇશ્વરભાઈ

મુ. પો. મોટી આમરોલ, તા. પાવી-જેતપુર, જિ. વડોદરા

૨. રાઠવા જાતિના લગ્ન ગીતો :

રાઠવા વનસાબેન શંકરભાઈ

રાઠવા દક્ષાબેન રસિકભાઈ

મુ. પો. મોટી આમરોલ, તા. પાવી-જેતપુર, જિ. વડોદરા

સંદર્ભ ગ્રંથો

૧. શ્રી શંકરભાઈ સોમાભાઈ તડવી- 'પાલના રાઠવા' ઇ.સ. ૧૯૭૭
૨. શ્રી ત્રિલોકભાઈ આર. પરીખ - ગુજરાતી સાહિત્યિક બૃહદ નિબંધો ૧૯૯૪-૯૫
૩. ઇન્દ્રવદન આર. પરીખ
૩. લગ્નપત્રિકા
૪. રેવાબહેન તડવી (ઝમ્મ ઝાંઝરિયું રે ૧૯૯૯)